
# શ્રીમદ્ રાજચંદ્ર - એક દર્શન



સામાન્ય જન સમાજમાં એવી એક છાપ છે કે જૈન ધર્મ કર્મત્યાગ તરફ ઝોક આપતો ધર્મ છે પણ સદ્‌ભાગ્યે શ્રીમદે પોતાના ગાંધીજી જેવા સાથી દ્વારા સમાજગત સાધનોને ઝોક આપ્યો આ વાત જ્યારે શ્રીમદ્‌ના અનુરાગીજનો માનવા લાગશે ત્યારે શ્રીમદ્‌ના નામે જેમ ભક્તિ અને જ્ઞાનધારાઓ વિકસી છે તેમ કર્મધારા પણ વિકસશે જ.

શ્રીમદ્‌જીને સાચા અર્થમાં ઓળખવા ગાંધી વિચારને પાયામાં રાખવો પડશે અને ગાંધીજીને સાચા અર્થમાં ઓળખવા શ્રીમદ્ વિચારને પાયામાં રાખવો પડશે.

— મુનિશ્રી સંતબાલજી

શ્રીમદ્ રાજચંદ્ર - એક દર્શન
લેખન - સંપાદન
ગુણવંત બરવાળિયા

પ્રકાશન : શ્રીમદ્ રાજચંદ્ર વિભાગ
વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ
મહાવીર નગર આંતરરાષ્ટ્રિય કેન્દ્ર : ચિંચણી

સંસ્કૃતિ દર્શન : મુંબઈ

# શ્રીમદ્ રાજચંદ્ર - એક દર્શન


લેખન : સંપાદન

ગુણવંત બરવાળિયા 'ગુંજન'



પ્રકાશક :

● વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ

મહાવીરનગર આંતરરાષ્ટ્રિય કેન્દ્ર - ચિંચણી

● સંસ્કૃતિ દર્શન - મુંબઈ ફોન : ૫૨૨ ૧૬૬૦

**Shrimad Rajchandra - Ak Darshan**
Collection by Gunjan Barvalia
April, 1997

**સંપર્કસૂત્ર :**

**મગનભાઈ દોશી**
વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ
માતૃસમાજ કામાગલી ઘાટકોપર (વેસ્ટ)
ફોન : ૫૧૫ ૮૧૦૪

**પ્રવિણભાઈ પારેખ**
ચિત્રકૂટ
આર.બી. મહેતા માર્ગ
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૭૭
ફોન : ૫૧૬ ૦૦૬૭

**ડૉ. જંયતભાઈ મહેતા**
દશાશ્રીમાળી, કામાણી વાડિ
૫૪૨, ચીરાબજાર, મુંબઈ - ૨

**પ્રકાશન - સૌજન્ય**
**શ્રી અતુલભાઈ સંઘાણી**
- વિલેપાર્લા, મુંબઈ

કિંમત - રૂ. ૧૨.૦૦

**મુદ્રક :**

**નીતિન જે. બદાણી**
અરિહંત પ્રિન્ટિંગ પ્રેસ, ભાંડુપ,
મુંબઈ - ૭૮
ફોન : ૫૧૧ ૪૩૪૧, ૫૧૧ ૯૧૫૨

[redacted]

[redacted]

વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, મહાવીર નગર આંતરરાષ્ટ્રિય કેન્દ્ર ચીંચણીમાં મુનિશ્રી સંતબાલે મહાપુરુષો પ્રેરિત વિચારસરણી અનુરૂપ પ્રવૃતિઓ કરવાના હેતુથી શ્રીમદ્ રાજચંદ્ર વિભાગ, ગાંધીજી વિભાગ, પૂ. નાનચંદ્રજી મહારાજ વિભાગ અને પંડિત જવાહરલાલ નેહરૂ વિભાગ સ્થાપવાની પ્રેરણા આપેલી.

અધ્યાત્મ યોગિની પૂ. લલિતાબાઈ મહાસતીજી તથા પૂજ્ય ડૉ. તરુલતાબાઈ મહાસતીજીનું આવર્ષનું ચાતુર્માસ ચીંચણી કેન્દ્રને પ્રાપ્ત થયું છે. શેષકાળમાં પૂજ્ય મહાસતીજી ત્યાં બીરાજતા તેમણે, પૂજ્ય રાજચંદ્રજી તથા પૂ. મુનિશ્રી સંતબાલજી વિશે આ વિભાગો દ્વારા એક એક પુસ્તક પ્રગટ કરવા પ્રેરણા આપી. આ પ્રેરણા પ્રમુખ શ્રીમગનભાઈ દોશીએ ઝીલી લીધી તેના ફળ સ્વરૂપે આ પ્રકાશન થયું છે.

તાજેતરમાં જ શ્રીમદ્જીની મહાન રચના આત્મસિદ્ધિશાસ્ત્રની શતાબ્દિ વર્ષની ઉજવણી નિમિત્તે શ્રીમદ્જીને લગતાં ઘણા પ્રકાશનો થયાં છે. પરંતુ આ નાનકડા પ્રકાશન દ્વારા શ્રીમદ્જીના જીવન કવન ઉપરાંત તેમના જીવનના મહદઅંશે વણસ્પર્શ્યા પાસાઓનું એક દર્શન કરાવવાનો ઉપક્રમ રાખ્યો છે. ખાસ કરીને શ્રીમદ્ ગાંધીજી અને સંતબાલ વિચાર અનુબંધ, ઉપરાંત શ્રીમદ્જીની સમાજના હિતચિંતક અને કવિપ્રતિભા દર્શન કરાવવાનો અભિગમ રાખ્યો છે.

પુસ્તકને પોતાના લેખો દ્વારા સમૃદ્ધ કરવા બદલ વિદ્વાન લેખકોનો ઋણ સ્વીકાર કરું છું. પ્રકાશન કાર્યમાં રસ લેવા બદલ સંસ્કૃતિ દર્શનના પ્રમુખ ડૉ. જયંતભાઈ મહેતા અને મંત્રી પ્રવિણભાઈ પારેખનો આભાર. સુંદર મુદ્રણ કાર્ય બદલ અરિહંત પ્રેસના નિતીનભાઈ બદાણીનો આભાર.

– ગુણવંત બરવાળિયા

☐ ૯૮૨૦૨૧૫૫૪૨

# શ્રીમદ્ રાજચંદ્ર : અંતરંગ દશાની કથા

શ્રીમદ્ રાજચંદ્રજીનો જન્મ સંવત ૧૯૨૪ના કારતક પૂર્ણિમાને દિવસે સૌરાષ્ટ્રના મોરબી પાસેના વવાણિયા ગામે ભક્તિમય અને સંસ્કારી શ્રી રવજીભાઈ પંચાણભાઈ મહેતાના ધર્મપત્ની શ્રી દેવબાઈના કૂખે થયો હતો.

શ્રીમદ્જીનું હુલામણાનું નામ 'લક્ષ્મીનંદન' હતું પાછળથી આ હુલામણું નામ બદલીને 'રાયચંદ' પાડવામાં આવ્યું હતું. આગળ જતા તેઓ 'શ્રીમદ્ રાજચંદ્ર' નામે સહુના આદરપાત્ર વિભૂતિ બની ગયા.

શ્રીમદ્ રાજચંદ્રના બાહ્ય વ્યાપારી ગૃહસ્થ જીવન ઉપરથી તેમની અણિશુદ્ધ પ્રામાણિકતા જાણી શકાય. પરંતુ તેઓની આત્મિક આભ્યાંતર દશાનો ખ્યાલ આવી શકે નહીં. તેમના અંગત જીવન વ્યાપાર અને આંતરિક દશા વિષે જાણવા માટે તેમણે જે પત્ર વ્યવહાર કર્યો છે અને જે સાહિત્ય સર્જન કર્યું છે તેનું ઊંડાણપૂર્વક ચિંતન - મનન કરવું રહ્યું.

આઠમા વર્ષે કવિતાનું સર્જન, શિક્ષણકાળમાં બળવતર સ્મૃતિ, કૃષ્ણભક્ત કુટુંબમાં જન્મ પરંતુ જૈનોના પ્રતિક્રમણ સૂત્રમાંનો ક્ષમાનો ભાવ તેમના અંતઃતલને સ્પર્શી ગયો અને જૈનદર્શન પ્રતિ રુચિ થઈ.

શ્રીમદ્જીની ઉમર સાત વર્ષની હતી એ સમયે પોતાના ગામમાં અમીચંદભાઈ નામના એક ગૃહસ્થ ગુજરી ગયા. મરવું તે શું? મૃતદેહને શા માટે બાળી દેવો? આવા પોતાના મનમાં ઊઠેલા સવાલો પરથી ચિંતન કરતાં, ચિંતનના ઊંડાણમાં જતા તેમને જાતિસ્મરણ પ્રગટ થયું. જાતિસ્મરણ એટલે પોતાના પૂર્વભવોનું જ્ઞાન, મતિની નિર્મળતાને કારણે આ જ્ઞાન થાય છે. જૈન કથાનકોમાં ચંડકૈશિક, મેઘકુમાર વગેરેને ભગવાન મહાવીરના વચનોથી જાતિસ્મરણ થયાનો ઉલ્લેખ છે, આત્માના અસ્તિત્વનો બોધ થવા માટે જાતિસ્મરણ જ્ઞાન ઉપકારી સાધન છે. શ્રીમદ્જીના જીવનમાં આત્માના આધ્યાત્મિક વિકામ માટે આ ઉપલબ્ધિ પારદર્શક બની હતી.

આત્માનો મૂળ ગુણ જ્ઞાન છે. જ્ઞાન શક્તિ એ એવી શક્તિ છે કે, આ જન્મથી બીજા જન્મમાં સાથે જઈ શકે છે પૂર્વ જન્મની આવી જ્ઞાન

શક્તિને કારણે તેઓએ સાત વર્ષનો અભ્યાસક્રમ માત્ર બેજ વર્ષમાં પૂર્ણ કર્યો હતો.

૧૭ વર્ષની ઉમરમાં બ્રહ્મચર્ય વિષેની તેમની સમજણ કેટલી સ્પષ્ટ અને સમ્યક છે તેનો ખ્યાલ તેમણે રચેલી નીચેની કાવ્યપંક્તિ પરથી આવશે.

**"નીરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન,**

**ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન!"**

'હું'ને પામવાની ઉત્કટ ઝંખનાને કારણે મુખ્ય બંધન સ્ત્રીનું લાગતું તેમને નિજી જીવનની અંતરંગ વાતો કહેવાના પાત્રોની દુર્લભતાનું દુઃખ હતું.

શ્રીમદ્જી કુશળ અને પ્રામાણિક વેપારી હતાં. તેમની સાથેના મોતી અને ઝવેરાતના સોદામાં એક આરબ વેપારીને અંગત મુશ્કેલી ઊભી થઈ. પોતાનો તમામ નફો જતો કરી શ્રીમદ્જીએ તે વેપારીને માલ પરત કરી દીધો. એ આરબ વેપારી તેમને ખુદા સમાન માનતો હતો. શ્રીમદ્જીએ એ વખતે એ વેપારી પાસે એવા ભાવ વ્યક્ત કર્યા હતાં કે, રાયચંદ દૂધ પીવે છે, લોહી પી નથી શકતો. આ શબ્દો તેમની અંતઃકરણની આધ્યાત્મિક દશાના દર્શન કરાવે છે.

શ્રીમદ્જીમાં અદ્ભુત અવધાન શક્તિ હતી. એક સાથે ઘણી વસ્તુઓ સ્મૃતિમાં રાખવાની શક્તિને અવધાન શક્તિ કહે છે. મુંબઈમાં તેમણે વિશિષ્ટ વ્યક્તિઓની હાજરીમાં કરેલા બાવન અવધાનથી પ્રભાવિત થઈ સમારંભમાં તેમનું સુવર્ણચંદ્રકથી બહુમાન થયેલું. તેમણે સો અવધાન સુધીના પ્રયોગો પણ કરેલા. તેમને આ પ્રયોગો બતાવવાનું ઈંગ્લાંડ તરફથી આમંત્રણ મળેલું, પરંતુ ભૌતિક સિદ્ધિઓથી નહિ આકર્ષાતા આ આમંત્રણનો વિનયપૂર્વક અસ્વીકાર કરેલો. આ પ્રસંગથી એ યોગાત્માની અલૌકિક પાત્રતાના આપણને દર્શન થાય છે.

શ્રીમદ્જી પ્રત્યે ઘણાં મુમુક્ષુ, જિજ્ઞાસુ, સાધુચરિત ગૃહસ્થો, અને મુનિઓ આકર્ષાયા હતાં. લલ્લુજી મહારાજ, મુનિશ્રી દેવકરણજી ન્યાયાધીશ ધારશીભાઈ, શ્રી સોભાગભાઈ, શ્રી જુઠાભાઈ, શ્રી પોપટલાલ, શ્રી અંબાલાલ,

શ્રી મનસુખભાઈ, શ્રી કૃષ્ણદાસ, શ્રી ત્રિભોવનભાઈ અને શ્રી પ્રાણજીવનદાસ વગેરે.

સંવત ૧૯૪૪માં પોપટલાલભાઈ મહેતાના સુપુત્રી ઝબકબાઈ સાથે શ્રીમદ્‌ના લગ્ન થયા હતાં. નિસ્પૃહી ગૃહસ્થાશ્રમનો આદર્શ તેમના જીવનમાં જણાતો હતો.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી શ્રીમદ્‌જીના ધર્મ ચિંતનથી ખૂબજ પ્રભાવિત થયેલા. ગાંધીજીએ કહ્યું હતું કે, "શ્રીમદ્‌ના જીવન - કવનમાંથી દયા ધર્મનું મેં કૂંડા ભરીને પાન કર્યું છે."

શ્રીમદ્‌જીના સર્જનનું વિવિધ વર્ગીકરણ કરી શકાય.

- **મુમુક્ષુઓ પ્રત્યે લખાયેલા પત્રો**
- **સ્વતંત્ર કાવ્યો**
- **મોક્ષમાળા, ભાવનાબોધ, આત્મસિદ્ધિશાસ્ત્ર એ ત્રણ ગ્રંથો**
- **સ્ત્રી નીતિબોધક ગરબાવળી, બોધવચન, વચનામૃત મહાનીતિ**
- **પંચાસ્તિકાય ગ્રંથનું ગુજરાતી ભાષાંતર**
- **શ્રી રત્નકરંડ શ્રાવકાચારમાંથી ત્રણ ભાવનાઓનો અનુવાદ, સ્વરોદય જ્ઞાન, દ્રવ્યસંગ્રહ, આનંદઘનના સ્તવનોના અર્થ, દશવૈકાલિકની ગાથાઓનું ભાષાંતર**
- **વેદાંત અને જૈન દર્શન સંબંધી નોંધો**
- **ઉપદેશ નોંધ (મુમુક્ષુઓએ લીધેલી નોંધો)**
- **ત્રણ હાથ નોંધો - આભ્યંતર પરિણામ અવલોકન વિ.**

શ્રીમદ્‌જીએ તેમના સર્જનમાં સદ્‌ગુરુનો મહિમાં ઠેર ઠેર ગાયો છે. તેઓએ કોઈ ગચ્છ મત કે સંપ્રદાયની તરફેણ કરી નથી. પરંતુ આત્મધર્મની પ્રધાનતા બતાવી છે. કોઈપણ ધર્મ વિશે ઘસાતું લખ્યું નથી. તેઓએ પર મત સહિષ્ણુતાને ચરિતાર્થ કરી હતી. ભક્તશ્રી લઘુરાજ સ્વામીએ તેમના પદોનો અનંત મહિમા કહ્યો છે. ભક્તિ - જ્ઞાન અને ક્રિયાનો સુમેળ, નિશ્ચય અને વ્યવહારનો સમન્વય તેમના તત્વચિંતનમાં નિખરે છે.

રાજકોટમાં સંવત ૧૯૫૭ના ચૈત્રવદ પાંચમના દિવસે શ્રીમદ્ રાજચંદ્રજી આ ક્ષેત્ર અને નાશવંત દેહનો ત્યાગ કરી ઉત્તમ ગતિને પામ્યા

અલ્પ આયુષ્યમાં આત્માના અગોચર રહસ્યો છતાં કરી ચિરંતન કૃતિઓ દ્વારા આધ્યાત્મિક જગતને સમૃદ્ધ કરનાર શ્રીમદ્ રાજચંદ્ર, જ્ઞાની આત્મદશામાં રહેનાર પરમ વંદનીય દિવ્ય પુરુષ હતા. તેમણે જ રચેલી ગાથા દ્વારા તેમને ભાવપૂર્વક વંદન કરીએ.

**"દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત**
**તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત."**

– ગુણવંત બરવાળિયા - 'ગુંજન'

**હે પ્રભુ ! હે પ્રાણાધાર !**

**વીતરાગ માર્ગ, આપ વીતરાગે પરમ કરુણા કરીને મને તો આપ્યો પણ હું રાગી, એ માર્ગનો પથિક કેમ થતો નથી ? નિરંતર કરુણા વર્ષા વરસાવવા આપે અત્યંત શ્રમ વેઠ્યો છે. છતાં હું મૂઢ એ કરુણામાં ભીંજાઈને જગતથી અલિપ્ત કેમ થતો નથી ? કરેલા દોષોને યાદ કરતાં અત્યંત ખેદ થાય છે, છતાં નવા દોષો થતા જ જાય છે. આનું કારણ શું છે ? અમને તારૂં એકે એક વચન પ્રમાણ વચન છે છતાં વિષય અને કષાયોની પ્રવૃતિ કેમ ઘટતી નથી ? અભકિતનું ફળ જાણવા છતાં અભકિત કેમ ટળતી નથી ? નાથ ! તમે તો વીતરાગી સર્વ શક્તિમાન સમર્થ પ્રભુ છો. તો મારી બાંહ પકડીને મને એકવાર, બસ એકવાર આ જન્મ-મરણનાં સમુદ્રમાંથી બહાર કાઢો. હું મંદબુદ્ધિ, મંદ પુરુષાર્થી, નાદાન બાળક જેમ પુનઃ પુનઃ આપને પ્રાર્થના કરું છું. અજ્ઞાનનાં ઊંડા અંધારેથી પ્રભુ ! અમને આત્મજ્ઞાનનાં પરમ સત્યે તું લઈ જા, શીઘ્ર લઈ જા.**

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ**

# શ્રીમદ્ રાજચંદ્ર
# અણસ્પર્શ્યા પાસાનું સ્પર્શન

શ્રીમદ્ રાજચંદ્ર એટલે આધ્યાત્મિકતાનાં કપરાં ચઢાણો ચડી એક વિશેષ ઊંચાઈએ પહોંચેલ મહાત્માપુરુષ આત્મા એ જ એમનું લક્ષણ હતું. આત્માને જાણવો, ઓળખવો, અનુભવ કરવો, તેમાં જ રમમાણ રહેવું તે જ તેઓની નિવૃત્તિપ્રધાન પ્રવૃત્તિ હતી. બહું જ અલ્પવયમાં જાતિસ્મૃતિ વડે આત્મિક ભાવોને સ્પષ્ટપણે અનુભવ્યા અને એ ભાવોની દિન-પ્રતિદિન થતી શુદ્ધિ વડે, દૃષ્ટિ પણ વ્યાપક બનતી ગઈ. શ્રીમદ્જીની દૃષ્ટિનાં વ્યાપમાં આત્મા સાથે સર્વાત્માનો પણ સમાવેશ થયો. પરિણામે અલ્પ વયમાં જ સર્વનાં શ્રેય અર્થે કાવ્યોમાં ભાવ પ્રગટ થવા માંડયા. તે કાવ્યો સપ્રમાણે હતાં, તેવું તેઓએ પછીનાં વર્ષમાં પણ અનુભવ્યું.

સમુચ્ચય વયચર્યામાં તેઓ લખે છે કે 'આઠમા વર્ષમાં મેં કવિતા કરી હતી; જે પાછળથી તપાસતાં સમાપ હતી.' આમ આઠમા વર્ષે અને તે પછીનું સર્વ લખાણ તેઓનાં અંતરની ઉઘડતી જતી દશામાંથી સમજપૂર્વકનું જ આવતું હતું. જે કાવ્યોમાં તેઓની વિચાર શક્તિનું ઊંડાણ તથા જગત તેમજ જીવોને ઓળખવાની તેમની આગવી સૂઝ જણાઈ આવે છે.

શ્રીમદ્જીનો કિશોરકાળ એટલે ભારતભૂમિમાં થઈ રહેલી આર્ય પ્રજાની બેહાલીનો કાળ. ચારે બાજુ અનીતિ, કલેશ-પ્રપંચ-ઘમંડ-સ્વચ્છંદ જેવા દુર્ગુણોનો ફેલાવો વ્યાપક બન્યો હતો. જનસમાજનાં જીવન દુઃખમય - સંતાપમય બન્યા હતા. આતતાયીઓનાં અત્યાચારનો ભોગ બનેલો માનવ સમાજ ત્રસ્ત હતો. આ જોઈ-જાણી શ્રીમદ્જીનું કરૂણા સભર હૃદય શાંત કેમ રહી શકે? ભારતભૂમિનો એક પણ માનવ દુઃખી કેમ હોય? એટલું જ નહીં પણ પોતામાં રહેલી વિશ્વમયતા તેઓને સમસ્ત સૃષ્ટિનાં દુઃખો તરફ દૃષ્ટિ કરાવે છે એને પોતે સમષ્ટિનું જ એક અંગ છે માટે સમષ્ટિ વિશ્વ પ્રત્યે પોતાનું કંઈક કર્તવ્ય છે, એમ સમજી ૧૭માં વર્ષમાં પહેલા તેઓએ

કેટલાક કાવ્યો લખ્યા છે, જે સમજવા આવશ્યક છે.

ભારતનાં સામાન્ય પ્રજાજનનાં જીવન વ્યવહારની ખૂટતી કડીઓને જોડવાના અદમ્ય ભાવથી 'પ્રભુ-પ્રાર્થના' કાવ્યમાં તેઓ પ્રથમ તો પ્રભુ પાસે પ્રાર્થના કરે છે. અને પછી યોગ્ય વ્યક્તિઓને પરોક્ષ રૂપે આદેશ આપે છે.

પ્રભુ પ્રાર્થનામાં તેઓ લખે છે;

**નીતિ પ્રીતિ નમ્રતા, ભલી ભક્તિનું ભાન;**
**આર્ય પ્રજાને આપશો, ભયભંજન ભગવાન.**

**તન મન ધન ને અન્નનુ, દે સુખ સુધા સમાન,**
**આ અવનીનું કર ભલું, ભયભંજન ભગવના.**

સંસારના સર્વ ભયોનો નાશ કરી પ્રાણીમાત્રને નિર્ભય બનાવનાર ભગવાન પાસે, આર્ય દેશની આર્ય પ્રજા માટે આ પ્રકારે માગણી કરે છે.

૧) **નીતિ** - દરેક માનવ નીતિપૂર્ણ વ્યવહારથી જીવન જીવે. નીતિનું ક્ષેત્ર વ્યાપક છે. માનવે પોતાનાં કુંટુંબના પ્રત્યેક સભ્ય સાથે, પાડોશી સાથે, સમાજ સાથે, ધંધાકિય ક્ષેત્રે, રાષ્ટ્રિય ક્ષેત્રે નીતિપૂર્ણ વ્યવહાંર કરવો જરૂરી છે. પોતાનાં માનસિક વિચારોથી, વાણી દ્વારા બોલાતાં વચનોથી કે કાયાની સમસ્ત પ્રવૃતિથી કોઈને પણ અન્યાય ન થાય તેની તકેદારી રાખવી જરૂરી છે. તેમજ દેવા-લેવાની પ્રવૃતિમાં પણ નીતિમય દૃષ્ટિ રહે.

૨) **પ્રીતિ** - 'આત્મવત સર્વ ભૂતેષુ' ની સર્વોચ્ચ ભાવનાનાં મંડાણમાં પરિચયમાં આવતાં પ્રત્યેક માનવ કે પ્રાણી પર સ્નેહભાવ રહે, સહુ સાથે મૌત્રીભાવ રહે, કોઈ પ્રત્યે વેર-ઝેર કે દ્વેષની ભાવના ન રહે. પ્રેમ એ જ અહિંસાનું રૂપ છે.

૩) **નમ્રતા** - મુદુતા પૂર્ણ વ્યવહાર, મીઠાશ ભરેલા વચનો, નિખાલસ હૃદય, આદરથી ભરેલું વર્તન, હૈયાની કોમળતા સર્વે જીવો પ્રત્યે રહે.

૪) **ભક્તિ** - પૂજ્ય વ્યક્તિઓ સાથેનો અહોભાવથી ભરેલો પ્રેમપૂર્ણ આદરભાવ તે ભક્તિ. ભક્તિભાવથી ભિંજાયેલા હૈયા વડે ભગવાન પ્રત્યેનું સમર્પણ તે ભક્તિ. આવો ભાવ સહુ જીવોમાં જાગે.

આવા ગુણો આર્ય પ્રજામાં ઉતરે તો પ્રજાનાં કેટલાય કષ્ટો ટળી જાય; એ હેતુથી આર્ય પ્રજા માટે આવી માગણી શ્રીમદ્જી ભગવાન સમક્ષ મૂકે છે. આટેલથી જ નહીં અટકતા સમસ્ત વિશ્વને સુખી દેખવા ઈચ્છતાં શ્રીમદ્જી અવનીની ભલાઈ માટે પણ પ્રભુ પાસે યાચના કરે છે.

સમસ્ત વિશ્વના નાનાં-મોટાં સહુ દેહધારીનાં તન તંદુરસ્ત-નિરોગી રેહ, મન શાંત અને સમાધિપૂર્ણ રહે, કોઈ પણ પ્રકારનો માનસિક પરિતાપ કોઈને પણ ન પીડે. ધન એ જીવન જીવવા માટેનું એક અને આવશ્યક સાધન છે. તે સાધન શુદ્ધ અને સાત્ત્વિક મળે. એટલું જ નહીં પણ તન, મન, ધન અને અન્ન સહુ અમૃત સમાન પરિણમે. આમ આખા યે વિશ્વને તેની પ્રાથમિક જરૂરિયાતો મળી રહે. એ જ પ્રભુ પાસે પ્રાર્થના છે.

આ કડીઓમાં ભરેલો ભાવ એ સૂચવે છે કે તેઓનાં હૈયે આર્ય પ્રજા તેમજ સમસ્ત સૃષ્ટિની ભલાઈ કરવાનાં કોડ પણ વસ્યા હતા.

અહીં એક વાત વિચારવા જેવી છે, તે એ કે જે વ્યક્તિ પ્રભુ પાસે આવી પ્રાર્થના મૂકી શકતી હોય તે વ્યક્તિ પોતે પણ એ માટે કંઈક કરવાની ઈચ્છા અને ક્ષમતા ધરાવતી હોય; તો જ આવી પ્રાર્થના કરે. કારણ માત્ર પ્રભુ સમક્ષ પ્રાર્થના કરવાથી કે ભક્તિ વડે પ્રભુને રીઝવવાની કોશિષ કરી લેવાથી કાર્ય થઈ જતું નથી. જેમ ભગવાન પાસે આવી માગણી મૂકે તેમ પોતે પણ તે માટે સક્રિય બનવું પડે. આ સક્રિયતા કોઈ કારણે શારીરિક ન બની શકે તો પણ માનસમાં આવા ભાવોનું ઘુંટન અને તેની પ્રબળતા એટલી હોય કે તે આસપાસના વાતાવરણને આંદોલિત કરે. જે આંદોલનો પ્રસરતાં-પ્રસરતાં વિશ્વના છેડા સુધી પહોંચે અને તેમાંથી કોઈ નક્કર કાર્ય ઊભું થાય.

શ્રીમદ્જીની બાબતમાં પણ આમ જ બન્યું. તેઓ દેહ દ્વારા સક્રિય ન બની શક્યા પરંતુ તેમનાં માનસમાં વ્યાપેલા ચેતસિક આંદોલનો ગાંધીજીએ ઝીલ્યા અને તેને સક્રિય રૂપ આપી વ્યક્તિ ચેતનાથી માંડી વિશ્વ ચેતના સાથે અનુસંધાન કર્યું. જો કે આ બાબત પણ એક જુદા જ લેખનો વિષય છે. પરંતુ અહીં તો એટલું જ કહેવું છે કે શ્રીમદ્જીનાં અંતરમાં રહેલી પ્રજા હિતની લાગણી અને પ્રજા દુઃખનું કારૂણ્ય તેમનાં

અંતઃકરણને એવું કોમળ અને ઋજુ બનાવે છે કે સમય જતાં આત્મ-પ્રાપ્તિની સાધનામાં, એ વિશ્વ વ્યાપકતા સહાયક બની સર્વ જીવો પ્રત્યે આત્મત્વની ભાવના સાથે અંતર ઓતઃપ્રોત બની જાય છે. કારણ જ્યાં સુધી સમસ્ત જીવસૃષ્ટિને પોતા સમ માનવાની સંવેદના અંતરમાં પ્રગટતી નથી ત્યાં સુધી સ્વાત્મની પ્રાપ્તિ પણ સુલભ બનતી નથી. પરંતુ આપણે જોઈએ છીએ કે શ્રીમદ્જી તો સતત નિરંતર સ્વાત્મમાં રમમાણ રહેતાં હતાં.

આંથી સમજાય છે કે શ્રીમદ્જીનું ધ્યેય માત્ર આત્મ સાધના જ ન હતું પરંતુ સાથે સાથે સમાજને વ્યવહારિક ફરજોનું ભાન કરાવી, સમાજને સ્થિર, સુખી અને શાંતિમય જોવા તેઓ માગતા હતા.

આગળ કહ્યું તેમ કાળે કાળે સમાજમાં પાપ-દંભ-પાખંડ વગેરે અચરાતા હોય છે અને પોષાતાં હોય છે. જે શ્રીમદ્જીનાં સમયમાં પણ હતાં જ. અને તે તરફ શ્રીમદ્જી બેદરકાર ન હતાં. પૂરેપૂરૂં લક્ષ્ય એ બાજુ પર હતું જ. તેથી જ તેઓનું હ્દય દ્રવિત થઈ જતું.

ગાંધીજી લખે છે – "શ્રીમદ્ મને કહેતા કે ચોપાસથી કોઈ બરછીઓ ભોંકે તો તે સહી શકું પરંતુ જગતમાં જે જૂઠ, પાખંડ, અત્યાચાર ચાલી રહ્યાં છે, ધર્મને નામે જે અધર્મ વર્તી રહ્યો છે તેની બરછી સહન થઈ શકતી નથી." આ પછી આગળ ગાંધીજીના પોતાના શબ્દો "અત્યાચારોથી ઊકળી રહેલા કે તેમને ઊકળી જતાં મેં ઘણીવાર જોયાં છે. તેમને આખું જગત પોતાના સગા જેવું હતું. રાયચંદભાઈનો દેહ આટલી નાની ઉંમરે પડી ગયો. તેનું કારણ મને એ જ લાગે છે તેમને દરદ હતું તે ખરું પરંતુ જગતના પાપનું જે દરદ હતું એ અસહ્ય હતું."

આમ જગતની પીડાથી પોતે પીડાતાં, ઊકળી ઊઠતાં હતાં અને તેથી જ તેઓએ માનવ સમાજને પણ પ્રજાનાં આ દુઃખો દૂર કરવા માટે ક્યાંક ક્યાંક ઈશારા કર્યાં છે. પરંતુ દુઃખ સાથે કહેવું પડે કે શ્રીમદ્જીનાં આ ઈશારાઓને ઝીલનારા ક્યાંય દેખાતાં નથી માત્ર એક જ થયો ગાંધી જેણે એ ભાવો ઝીલ્યા અને એ ઈશારા પ્રમાણે જીવી બતાવ્યું.

આ રહ્યાં તેમના ઈશારારૂપ વચનો.

### (૧) પરહિત એ જ નિજહિત સમજવું અને પરદુઃખ એ પોતાનું દુઃખ સમજવું.

પરહિતમાં સ્વહિત સમાયેલું જ છે. જે વ્યક્તિ પરહિત ને જ નિજહિત સમજે તે પરિહત કર્યા વિના રહી કેમ શકે! તેમજ પરદુઃખે પોતે પણ દુઃખી થતો પોતાને અનુભવે તો એ દુઃખને દૂર કરવાનો પ્રયત્ન સહેજે થાય. આવા આત્મૈક્યનો અનુભવ તે જ શું અધ્યાત્મ નથી?

### (૨) પ્રજાનાં દુઃખ, અન્યાય, કર એને તપાસી જઈ આજે ઓછાં કર

સત્તાધીશને આપેલ આ શિખ સત્તાસ્થાને બેઠેલા બધાં જ મહાનુભાવોને લાગુ પડે છે. તું જ્યાં હો ત્યાં તારા હાથ નીચે રહેલાં લોકો માટે તારું કર્તવ્ય શું છે, તે સમજાવતા શ્રીમદ્જી કહે છે. જો એ માનવો દુઃખી હોય તો તેનાં દુઃખને સમજવાનું ન ભૂલતો, તેને પૂછી દુઃખ દૂર કરવા માટે પ્રયત્ન કરજે. સર્વથા ન થાય તો થોડું દુઃખ ઓછું થાય એ માટે તું જે કરી શકે તે કરજે. વળી તારા તરફથી કે બીજાઓ તરફથી તેઓને કોઈ પ્રકારે અન્યાય તો નથી થતો ને ! તારી બુદ્ધિ-શક્તિ વડે તેઓને ન્યાય મળે તેવા પ્રયત્ન કરજે અને તેને ભરવો પડતો રાજ્યનો કર એટલો તો નથી ને કે જેથી તેનાં જીવનનું શોષણ થાય. તો તે માટે પણ યથાશક્તિ પ્રયાસ કરજે.

### (૩) ભાગ્યશાળી હો તો તેના આનંદમાં બીજાને ભાગ્યશાળી કરજે.

તું પૂર્વે પૂણ્ય કરીને આવ્યો છે, તારૂં ભાગ્ય ચમકી રહ્યું છે તો તું માત્ર સ્વાર્થભાવનામાં રાચી રહી, એકલપેટાં ન થતાં, કોઈ ને ખવડાવીને ખાજે, કોઈને વસ્ત્ર પહેરાવીને પહેરજે, કોઈને વિવિધ પ્રકારે સુખ આપી પછી તું સુખ ભોગવજે. તારી પૂણ્યાઈનાં ફળ માત્ર તું જ ચાખે તેમ નહીં પણ અન્યને પણ ચખાડજે. એટલું સમજજે કે એક પુણ્યશાળીનાં પુણ્યનો થોડો પણ ત્યાગ બીજા અનેક માટે શાતા અને આશ્વાસનનું કારણ બને છે.

**(૪) કંઈ પરોપકાર, દાન, લાભ કે અન્યનું હિત કરીને આવ્યો હો તો આનંદ માન, નિરભીમાની રહે.**

તું સમૃદ્ધ છે તો જ તારાથી પરોપકાર, દાન કે અન્યનું હિત થશે. ત્યાં તારે એમ સમજવાનું છે કે જેના પર તું ઉપકાર કરે છે, જેને તું દાન આપે છે કે જેના હિતના અર્થે કંઈ કર્તવ્ય કરે છે. તેઓ તારા ઉપકારી છે, તેઓ શુભ નિમિત્ત બનીને આવ્યા કે જેથી આવા કાર્યો થઈ શક્યા. વળી દાન કે પરોપકાર થયાં તે પણ પૂર્વે થયેલાં પાપનાં પ્રાયશ્ચિત રૂપે પણ હોઈ શકે. જો એમ જ હોય તો દેણું ચૂકવતાં અભિમાન શાનું? હળવા થયાનો આનંદ હોય! અથવા અપરિગ્રહભાવની પુષ્ટિનાં નિમિત્તો જો માનીએ તો પણ આનંદનું જ કારણ બને. માટે આ કાર્યો એ તો મુમુક્ષુનું પણ કર્તવ્ય જ છે.

**(૫) સૃષ્ટિનાં દુઃખ પ્રનાશન કરું.**

અહીં શ્રીમદ્‌જી એવી શિખ આપે છે કે આખીયે સૃષ્ટિને પોતા સમ ગણી - જેમ પોતાનાં દુઃખોનું ભાન થતાં તે દુઃખોને દૂર કરવાનો ત્વરિત પ્રયત્ન થાય છે તેમ - તેનાં દુઃખોનું ભાન થાય અને સત્વરે તે દુઃખોનો નાશ કરવા માટે, દૃષ્ટિને ઉદાર અને દિલને વિશાળ બનાવી પ્રયત્ન કરજે.

આમ પુન્યથી સંપન્ન અને ધનથી સમૃદ્ધ વ્યક્તિઓને, અન્યનાં દુઃખો દૂર કરવા માટે શ્રીમદ્‌જી આદેશ આપતા હોય એવું જણાય છે. આજ સુધી શ્રીમદ્‌જીનાં આ વિચારોની અવગણના જ થઈ છે. તેઓના આ પાસાને કોઈ સ્પર્શતું જ નથી. એમ લાગ્યા કરે છે. તો હવે પુણ્ય અને દાન આ બન્ને સમૃદ્ધિ જેમની પાસે છે તેઓએ શ્રીમદ્‌જીનાં આ વિચારોને સમજી આદરવા જોઈએ.

શ્રીમદ્‌જીના હૈયાતી કાળમાં આ દેશની જે દશા હતી, સામાજિક - રાષ્ટ્રિય અરાજકતા હતી, અધર્મનું જોર વધ્યું હતું જે તેઓને ભાલા બરછીના ઘાથી પણ અસહ્ય વેદાતું હતું. તો આજે તો આ દેશની અને દુનિયાની પરિસ્થિતિ મહાભંયકર છે. ચારે બાજુ ભ્રષ્ટાચાર અને ત્રાસવાદનું સામ્રાજ્ય ફેલાયેલું જોવા મળે છે. હિંસા-જૂઠ-ચોરી-પ્રપંચ-કૌભાંડ-બળાત્કાર-વિષયલોલુપતા વગેરે વગેરે ન ગણાવી શકાય એટલી બદી ફેલાયેલ છે.

જે સાંભળતાં - વાંચતા આપણું હૃદય દ્રવી ઉઠે છે. રૂંવાડા બેઠા થઈ જાય છે. અંતરમાં અગ્નિમય જ્વાળા જાગે છે. જે આપણાં જેવાને આમ થતું હોય તો વિચારીએ કે આજના આ યુગમાં શ્રીમદ્જી હોત તો તેમને શું થાત? તેઓ આ બધું જોઈ શકત ખરાં ! એ યુગ એમનાં માટે અસહ્ય હતો, તો આ યુગ કેવો હોત ? કલ્પના પણ થઈ શકતી નથી !!!

ત્યારે નથી લાગતું કે શ્રીમદ્જી તથા તેમના વચનો જેને હૈયે વસ્યા છે તેઓને જાગૃત થવાની જરૂર છે ! હવે આંખ આડા કાન ન કરતાં, તેઓ ઉઠે ! ઊભા થાય !! અને સક્રિય બને !!!

ડૉ. તરુલતાબાઈ મહાસતીજી M.A., Ph.D

**હે ગુરુદેવ**

**જન્મ મરણની જેલમાં હું અનાદિથી પડ્યો છું. અનેકવાર આ જેલમાંથી છૂટવાની કામના કરી પણ છૂટવાને બદલે જેલનાં કારણો જ જાણવમાં આવ્યા, જે સાંભળી હું ડરી જાતો હતો, હતાશ થતો હતો. આ ભવમાં પણ વાતો અને ક્રિયાનું જ મહત્વ કાને પડત, પરંતુ આપની અનંત કૃપા થઈ અને આપે મને મુક્તિનો ઉપાય બતાવ્યો છે અને 'હું મુક્ત જ છું' એ અદ્ભૂત મંત્ર આપ્યો છે. હવે મારામાં છૂટવાની તીખી તમન્ના જાગી છે, પુરુષાર્થ જાગ્યો છે અને બંધનથી મુક્ત થવાનો યથાર્થ માર્ગ મળ્યો છે. મને મોક્ષનાં કારણો બતાવનાર અને મોક્ષ સ્વરૂપ છું, એમ કહેનાર એવા કરુણા નિધાન ! આપના ચરણોમાં પુનઃ પુનઃ વંદન, હે ! અકારણ કરૂણાદાતા મને મુક્તિ આપો.**

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ**

# આત્મસિદ્ધિશાસ્ત્ર નિર્વિવાદ મોક્ષમાર્ગનું સાધન છે

આત્મસિદ્ધિ શ્રીમદ્‌જીની અનુપમ કૃતિ છે. જેમાં મુખ્યત્વે આત્મલક્ષી ચિંતન છે. એ રીતે વિચારતા આ કાવ્યગ્રંથને જૈનશાસ્ત્રના ચાર અનુયોગ દ્રવ્યઅનુયોગ, ગણિત અનુયોગ, ચરણાનુયોગ અને ધર્મકથાનુયોગમાંના દ્રવ્યાનુયોગનો ગ્રંથ કહી શકાય.

આત્મસિદ્ધિશાસ્ત્ર નિર્વિવાદ મોક્ષમાર્ગનું સાધન છે. ૧૪૨ ગાથાઓ પર હજારો શ્લોકની ટીકા લખાઈ શકે તેવી આ નાનકડી કૃતિમાં આત્માને લગતું સંપૂર્ણ રહસ્ય દર્શાવાયું છે જેમાં શ્રીમદ્‌જીની વિવેકપ્રજ્ઞા, મધ્યસ્થતા અને સહજ નિખાલસતાના દર્શન થાય છે.

અનંત તીર્થંકરો આત્માના ઉત્થાનને લગતી જે વાતો કહી ગયા તે વાતોમાંથી પોતાને જે જાણપણું થયું, જે અનુભૂતિ થઈ એજ તત્ત્વનું શ્રીમદ્ રાજચંદ્રે આત્મસિદ્ધિશાસ્ત્રમાં નિરૂપણ કર્યું છે.

આ મહાન કાવ્ય રચનાના પ્રથમ પદમાં ગુરુવંદના કરી અને વર્તમાનકાળમાં આત્માર્થી જન માટે મોક્ષમાર્ગનું ચિંતન રજૂ કર્યું છે. ખૂબજ સરળ રીતે આત્માર્થી અને મતાર્થીના લક્ષણોની વિશિષ્ટ સમજ આપી છે. પોતાને ધર્મી માનતો અધર્મી એટલે મતાર્થી, મતાર્થી તો એમજ સમજતો હોય કે, હું આત્માર્થી છું છતાં સત્યને ઉપેક્ષિત કરે, જ્યારે આત્માર્થી તો જાગૃત સાધક છે.

શ્રી હરિભદ્રસુરિએ આત્માના છ પદોને સંસ્કૃત ભાષામાં “ધર્મબિંદુ” ગ્રંથના દ્વિતીય અધ્યાયમાં બહુજ ભાવવાહી શૈલીમાં ગુંથ્યા છે આ છ પદ તે ૧ઃ આત્મા છે ૨ઃ તે નિત્ય છે ૩ઃ કર્મનો કર્તા છે ૪ઃ કર્મફળનો ભોકતા છે ૫ઃ આત્માનો મોક્ષ છે ૬ઃ મોક્ષનો ઉપાય છે. જૈન આગમોમાં જેનું આપણે વારંવાર ચિંતન અને પરિશિલન કરીએ છીએ તે મૂળભૂત સિદ્ધાંતો આ છ પદમાં અભિપ્રેત છે. આપણાં આગમો અર્ધમાગધી ભાષામાં છે તે સર્વસામાન્ય ને સમજમાં ન આવે, દર્શનના આ ગહન તત્ત્વો લોકભોગ્ય

બની શકે તે હેતુથી અધ્યાત્મયોગી શ્રીમદ્ રાજચંદ્રે આજ તત્ત્વોની સરળ ગુજરાતી ભાષામાં રચના કરી આપણા પર પરમ ઉપકાર કર્યો છે.

આત્મભ્રાંતિનો રોગ, તેના ઉપાય, ગચ્છ મત અને સંપ્રદાયની પર આત્મધર્મ દ્વારા સમ્યક્દર્શનની અનુભૂતિનું દિવ્ય આલેખન થયું છે.

કૃતિને ભાવપૂર્વક અને સમજણપૂર્વક વાંચવાથી સાધકના બત્રીશે કોઠે દીવા થાય તેવી અદ્‌ભૂત રચના છે. કારણ કે શ્રીમદ્જી વડે થયેલી આ શાસ્ત્રની રચના તેમની સહ્જ આત્માનૂભૂતિની દશાનું પરિણામ છે.

શ્રીમદ્‌ના જીવનકાળમાં જ કેટલાંક પાત્ર જીવો તેમને ઓળખી શક્યા હતા અને તેઓ પાસેથી આધ્યાત્મિક માર્ગદર્શન મેળવતા હતા. તેમાં અનન્ય મુમુક્ષુ આત્મા સૌભાગ્યભાઈ હતા. તેઓની ઉમર થતાં તેમને લાગ્યું કે તેમનો જીવનકાળ પૂર્ણ થવામાં છે ત્યારે તેઓએ શ્રીમદ્‌ને પત્ર લખ્યો કે, "મારો અંતિમ સમય નજીક છે મારું સમાધિ મરણ થાય અને મારી આત્મદશા વધુ જાગૃત રહે એવું કંઈ લખીને મોકલો."

પૂ. લઘુરાજસ્વામી પર લખાયેલો છ પદનો ગદ્યરૂપ પત્ર પૂ. સૌભાગ્યભાઈના વાંચવામાં આવેલ, પત્રના ભાવો તેમને ખૂબ ગમ્યા એટલે શ્રીમદ્જીને તેઓશ્રીએ ફરીથી લખ્યું કે,

"પત્રના ભાવો તો ઉત્તમ છે પરંતુ ગદ્ય રૂપે હોવાથી સ્મરણમાં રહી શકવા મુશ્કેલ છે માટે કૃપા કરી આજ ભાવો કાવ્ય રૂપે લખી મોકલો તો તેનું રટણ રાત દિવસ રહ્યા કરે."

પત્ર શ્રીમદ્જીને મળ્યો, સૂર્યાસ્ત થઈ ગયો હતો. અંધારાં ઉતરવા માંડયાં હતાં. ભાવિક ભક્ત અંબાલાલભાઈ સાથે હતાં તેમને ફાનસ પકડી ઊભા રહેવા સંકેત કર્યો. અંતર્મુખતા વધતા, અંત-સ્ફૂરણા થઈ અને એક અદ્‌ભૂત ઘટના ઘટી. ૧૪૨ ગાથા રૂપ શાસ્ત્ર માત્ર દોઢ કલાકમાં રચાઈ ગયું.

પરમાર્થે મેઘની વર્ષાનો એ સમય હતો. સંવત ૧૯૫૨ના આસો વદ એકમ અને ચરોતર પ્રદેશનું નડિયાદ પુણ્ય સ્થળ હતું. તેમના એક એક શબ્દમાં આત્માના અર્થગંભીર રહસ્યો નિતરતાં હતા. તેઓની લખવાનીખૂબી એ હતી કે તેઓ ક્યારેય કંઈપણ લખતા તો તેમાં એકને

બદલે બીજો શબ્દ મૂકવાની જરૂર ન રહેતી તેમનો શબ્દ લખાયા પછી ભૂંસવાનો અવકાશ ન રહેતો. આવું સપ્રમાણ લખાણ તેમના અંતરમાંથી આવતું.

આ આત્મસિદ્ધિશાસ્ત્રની એકપ્રત તેમણે સૌભાગ્યભાઈને મોકલી. સૌભાગ્યભાઈ આ શાસ્ત્રને પામી જીવનનો અંત સુધારી ગયા. ત્યાર પછી તેનો એટલો પ્રચાર પ્રસાર થયો કે ઘરે ઘરે તેનો સ્વાધ્યાય થવા લાગ્યો.

પ.પૂ. લઘુરાજસ્વામી કહેતા કે "આત્મસિદ્ધિમાં આત્મા ગાયો છે, આત્મા ઓળખવો હોય તો તેનો વારંવાર વિચાર કરવા યોગ્ય છે, ચૌદ પૂર્વનો સાર તેમાં છે."

શ્રીમદ્‌ના આત્મલક્ષી ચિંતન અને વિચારમંથન પછી તેઓની અંતરછીપમાં આત્મસિદ્ધિ નામનું મોતી પાક્યું. પૂજ્ય બ્રહ્મચારીજીએ આત્મસિદ્ધિને સુર-સરિતા રૂપ ગંગાની ઉપમા આપી છે.

હે...પતિત જન પાવની, સુર સરિતા સામી
અધમ ઉદ્ધારિણી આત્મસિદ્ધિ
જન્મ જન્માંતરો, જાણવા જોગીએ
આત્મ અનુભવ વડે આજ દીધી...હે! પતિત જન...
ભક્ત ભગીરથ સમા, ભાગ્યાશાળી મહા
ભવ્ય ભગીરથ સમા, ભાગ્યાશાળી મહા
ભવ્ય સૌભાગ્યની, વિનતીથી...હે! પતિત જન...
ચરોત્તર ભૂમિના, નગર નડિયાદમાં
પૂર્ણ કૃપા પ્રભુએ કરી'તી...હે પતિત જન...

વિદુષિ પૂ. ડૉ. તરુલતાજી મહાસતીએ આ પંક્તિઓના ભાવ ભાસનમાં કહ્યું કે 'આત્મસિદ્ધિ પાપીને પાવન કરનારી અધમ ઉદ્ધારિણી છે. કોઈપણ વ્યક્તિ નતો એકલા પાપકર્મથી ભરેલી હોય કે નતો એકલા પૂણ્યકર્મોથી, ઓછે વત્તે અંશે પાપ અને પૂણ્ય બન્ને દરેક જીવમાં પડેલું જ હોય છે અને તેમાં વધ-ઘટ થતી રહે છે. શુભ ભાવો વધે તો પૂણ્યની વૃદ્ધિ થાય અને અશુભ ભાવો વધે તો પાપની વૃદ્ધિ થાય છે. આમ બન્ને ધારાઓ સાથે ચાલે છે આ દેવ નદી જેવી કાવ્ય સરિતા શુભ - અશુભથી

પર થઈ શુદ્ધ ભાવોમાં સ્થિરતા કરવા માટેનું અમોઘ બળ પૂરું પાડે છે. શાસ્ત્રમાં જે ભાવો છે તે ભાવોમાં લીનતા સેવાય તો આત્મા વિશુદ્ધ બને.'

શ્રીમદ્જીએ આત્મસિદ્ધિનું શબ્દગઠન કરી જીજ્ઞાસુને અધ્યાત્મ સાગરમાં તરવાનો અવકાશ કરી આપ્યો છે. આ સિદ્ધિ સાગરમાં કોઈ દર્શનનું ખંડન નથી ફક્ત કદાગ્રહ કે હઠાગ્રહ જેવા એકાંતવાદને પ્રત્યે જ આપણને ઢંઢોળ્યા છે. શ્રીમદ્ હરિભદ્રસુરિ જેવા દર્શન યોગીની જેમ બધાં જ દર્શનના સમન્વિત ભાવે જૈનદર્શન બતાવવા પ્રયાસશીલ રહ્યા છે.

જૈન પરંપરાના સર્વમાન્ય ગુજરાતી પ્રમાણિત ધર્મગ્રંથ તરીકે આત્મસિદ્ધિ શાસ્ત્ર ઉચ્ચ શૈક્ષણિક વર્ગોમાં પાઠ્યક્રમમાં સ્થાન લેવાની યોગ્યતા ધરાવે છે. જૈન આચાર વિચારની પ્રક્રિયાનો મૂળરૂપમાં અભ્યાસ કરવા અંગે જૈન મુમુક્ષુઓ માટે ગીતાની ગરજ સારે તેવો અનુપમ કાવ્યગ્રંથ છે.

જે વિચાર ચિંતનસભર બને એ વિચારમંથનમાંથી અનુભૂતિ અને પછી દર્શન પ્રગટે. તે વિચાર જ શાસ્ત્ર બને અને તે વિચાર અમર બની જાય છે. યુગપુરુષ શ્રીમદ્ના વિચારમંથનમાંથી રચાયેલ કાવ્યગ્રંથમાં આત્માના રહસ્યો પામવાનું નવનીત પ્રગટયું તેથી જ એ કાવ્ય "આત્મસિદ્ધિશાસ્ત્ર" રૂપે અમર બની ગયું. માત્ર શતાબ્દી પૂર્વે થયેલું આ સર્જન દર્શન બની ગયું. સર્જક અને સર્જનને ભાવપૂર્વક વંદન...!

– ગુણવંત બરવાળિયા 'ગુંજન'

**જડ કોઈ કાળે જીવ ન થાય, અને જીવ કોઈ કાળે જડ ન થાય; તેમ 'સત્' કોઈ કાળે 'સત' સિવાયના બીજા કોઈ સાધનથી ઉત્પન્ન હોઈ શકે જ નહીં આવી દેખીતી સમજાય તેવી વાતમાં મુંઝાઈ જીવ પોતાની કલ્પનાએ 'સત' કરવાનું કહે છે, પ્રરૂપે છે, બોધે છે, એ આશ્ચર્ય છે.**

**જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કંઈ આચરે નહીં, પણ રૂંડુ હોય તો જ આચરે**

**શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૨૭૪**

# ગાંધીજીના જીવન ઉપર જૈનધર્મનો પ્રભાવ હતો

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સમગ્ર જીવનમાં જૈન ધર્મના સિદ્ધાંતો વણાઈ ગયા હતા. તેમના જીવનના કેટલાંક પ્રેરક પ્રસંગો તેની સ્પષ્ટ પ્રતીતિ કરાવે છે.

જૈનાચાર્ય પૂ. બહેચરજી સ્વામીની પ્રેરણાથી ગાંધીજીએ વિલાયતમાં માંસ, મદિરા અને સ્ત્રીસંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞાઓ લીધી હતી. મહાત્મા ગાંધીજીએ આ ત્રણેય પ્રતિજ્ઞાઓ વિલાયતમાં પાળી. ભારત પાછા આવ્યા તેજ દિવસે યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રનો મેળાપ થતાં તે સંયમનો તંતુ લંબાયો. શ્રીમદ્જીના સમાગમને કારણે ગાંધીજીના જીવનમાં જૈનધર્મની વ્યાપક અસર જોવા મળે છે.

ગાંધીજી કરતાં શ્રીમદ્જી લગભગ પોણાબે વર્ષ મોટા હતા, બાવીસ વર્ષની ઉંમરે ગાંધીજી શ્રીમદ્ રાજચંદ્રના સંપર્કમાં આવ્યા, આ વયે, ઈંગ્લેન્ડ જઈ બેરિસ્ટર થઈ આવેલા યુવાન ગાંધીજી, જેમણે કોલજનો કે શાળાનો મેટ્રિક સુધીનો પણ અભ્યાસ કર્યો ન હતો અને જેમને અંગ્રેજી ભાષા આવડતી ન હતી, એવા રાજચંદ્રજીથી અત્યંત પ્રભાવિત થઈ ગયા.

આ બન્ને મહાન વિભૂતિઓ પ્રથમ મિલન વખતે કોઈ ભૌતિક નહીં પણ આધ્યાત્મિકતાના સ્તર પર બિરાજતી હોવી જોઈએ. યુવાન વયે મહાત્મા ગાંધીજી શ્રીમદ્ રાજચંદ્રને પોતાના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે સ્વીકારે એ ઘટના ગાંધીજી તથા શ્રીમદ્જી બન્ને પ્રત્યે અહોભાવ પ્રેરે તેવી છે. ગાંધીજી આફ્રિકામાં હતા ત્યારે ત્યાં આશ્રમમાં સાપનો ઘણો ઉપદ્રવ હતો. બાળવયથી ગાંધીજીના અજ્ઞાત મનમાં સાપનો ડર પેસી જ ગયો હતો. એ કાળમાં હિંસક પ્રાણીના નાશનો વિચાર ગાંધીજીના અજ્ઞાત મનમાં ગુંચળુ વાળીને બેઠેલા સાપ જેમ ફેણ ચડાવતો. ગાંધીજીને જ્યારે જ્યારે ધર્મ કે અધ્યાત્મ સંબંધી કોઈ મૂંઝવણ થતી ત્યારે ત્યારે તેઓ શ્રીમદ્જી સાથે પત્રવ્યવહાર દ્વારા સમાધાન મેળવતા. ગાંધીજીએ પત્ર લખ્યો,

ઉત્તરમાં શ્રીમદ્જીએ માનવીની મૂળભૂત સંરક્ષણ વૃત્તિ પર ઘા કર્યો હતો. ગાંધીજીને સમાધાન થયું અને આશ્રમમાં કદી સાપ ન મારવાનો નિશ્ચય કર્યો. આ પત્રની પ્રેરણાથી ગાંધીજીના જીવનમાં ભયથી નિર્ભયતાની યાત્રામાં બળ મળ્યું.

સામાન્ય માન્યતા એવી હતી કે વેપાર અને પરમાર્થ અથવા ધર્મ એ બે અલગ વસ્તુ છે. વેપારમાં ધર્મ કરવો એ ગાંડપણ છે એમ કરવા જતાં બન્ને બગડે આ માન્યતાને કારણે કેટલાંય જીવોની મૂંઝવણ વધી જાય, અથવા આ માન્યાતા ખોટી ન હોય તો આપણા કપાળે કેવળ નિરાશા જ લખાયલી હોય, પરંતુ શ્રીમદ્ અને ગાંધીજી બેઉ દઢપણે માનતા કે એવી એક પણ વસ્તુ નથી. એવો એક પણ વ્યવહાર નથી કે જેમાંથી આપણે ધર્મને દૂર રાખી શકીએ. શ્રીમદ્જીએ પોતાના જીવનમાં હીરાના વેપારમાં અનુકંપા અને ધર્મ ભાવનાને કારણે લાખો રૂપિયાનો નફો જતો કરેલો.

ગાંધીજીએ ખૂબ સ્પષ્ટતાથી લખ્યું છે કે, "ધાર્મિક મનુષ્યનો ધર્મ તેના પ્રત્યેક કાર્યમાં જણાવો જ જોઈએ." ગાંધીજીએ પણ સ્વાતંત્ર્ય ચળવળ કે રાજકરણના કાર્યોમાં ધર્મબુદ્ધિને છેદ દીધો નથી, તે આપણે સૌ જાણીએ છીએ.

મુંબઈમાં એક વખત શ્રીમદ્ અને ગાંધીજી વચ્ચે દયાધર્મ અંગે ચર્ચા ચાલી, ચામડું વાપરવું કે નહીં તેનો વિચાર ચાલતો હતો. છેવટે બન્ને એવા મત પર આવ્યા કે ચામડા વિના તો ચલાવી શકાય જ નહીં. ખેતીમાં કોસ વગેરેમાં તેની જરૂર પડે. પરંતુ ચામડું માથે તો ન જ પહેરીએ.

ગાંધીજીએ જરા ચકાસણી કરતાં શ્રીમદ્જીને પૂછ્યુ, આપને માથે ટોપીમાં શું છે? અહર્નિશ આત્મચિંતનમાં રહેનારા શ્રીમદ્જી પોતે શું પહેરે ઓઢે છે તેનો ઝાઝો ખ્યાલ રહેતો નહિ. પરંતુ ગાંધીજીએ નિર્દેશ કર્યો કે તુર્ત જ ટોપીમાંથી ચામડુ તોડી કાઢયું. ત્યાર પછી ગાંધીજીએ પણ ચામડાના બેરીંગવાળા ચરખાના મોડેલનો અસ્વીકાર કર્યો. આ પ્રસંગથી આ બન્ને આત્માઓની અપાર કરુણાબુદ્ધિ, નિરાભિમાનતા અને સરળતાનાં દર્શન થાય છે.

પ્રિટોરિયામાં ગાંધીજીને ઘણા મિત્રોએ ખ્રિસ્તી ધર્મમાં રસ લેવા જણાવ્યું.

વેલિંગ્ટનના સંમેલનમાં તો ઘણા મિત્રોએ ખ્રિસ્તી ધર્મ સ્વીકારી લેવા પણ કહ્યું એટલેજ આ પ્રસંગ પછી ગાંધીજીનું હ્રદયમંથન વ્યાપક કક્ષાએ પહોંચ્યું.

જો કે ગાંધીજી ખ્રિસ્તી ધર્મ સ્વીકારવા તૈયાર ન હતા પરંતુ હિંદુ ધર્મની ત્રુટિઓ તેની સમક્ષ તરવરવા લાગી. છેવટે પોતાની મુંઝવણ પત્ર દ્વારા ગાંધીજીએ શ્રીમદ્જી પાસે મૂકી. આમાનાં ત્રણ પત્રો ઉપલબ્ધ છે, જેમાં શ્રીમદે આ વિષયમાં વિશદ ચર્ચા કરી અને માર્ગદર્શન આપ્યું. તે અંગે ગાંધીજી લખે છે કે, “હિંદુ ધર્મમાં મને શંકા પેદા થઈ તે સમયે તેના નિવારણમાં મદદ કરનાર રાયચંદભાઈ હતા”.

માંકડ મારવા તે હિંસા છે એ વાત ગાંધીજી આ રીતે સમજતા કે, માંકડ ઉત્પન્ન થાય તેવી અસ્વચ્છતા રાખવી તે પણ હિંસા છે. પંચશીલની વાત જીવનમાં ઉતારી, જૈન ધર્મના સૂત્રાત્મક સિદ્ધાંતો ગાંધીજીએ આચરણમાં મૂક્યા હતા.

જૈનમુનિ કવિવર્ય પૂ. નાનચંદજી મહારાજે ગાંધીજીમાં રહેલી અહિંસા, સત્યનિષ્ઠા અને શ્રદ્ધા ભક્તિની સાચી ઓળખ કરી લીધી હતી. તેથી તો “જગતને બોધ દેવાને અવનિમાં ગાંધીજી આવ્યા”. જેવા અનુપમ કાવ્ય વડે ગાંધીજીની સત્ય અહિંસાની વાતની પૂજ્ય મહારાજ સાહેબે અંજલિ આપી છે. તેમના શિષ્ય મુનિશ્રી સંતબાલે ગુરુપ્રેરણા અને આંતરચેતના દ્વારા ગાંધી વિચારનો મહિમા કરતો સ્વરચિત ‘આચારાંગસૂત્ર વિવરણ’ ગ્રંથ ગાંધીજીને સમર્પિત કરતાં લખ્યું છે કે,

**જેની પ્રવૃત્તિ માત્ર અનેકાંત છે,**
**જે પ્રવૃત્તિવીર છતાં નિવૃત્તિધીર છે.**
**જે એકદેશીય છતાં સકલદેશીય છે.**
**જે અનાસક્ત અને ત્યાગના અવિરોધ**
**સહારાની જીવંત પ્રતિમા છે.**

ભગવાન મહાવીરની અનેકાંત દૃષ્ટિ અને સક્રિય અહિંસાની વાત ગાંધીજીએ કેટલી બધી આત્મસાત કરી લીધી હોવાનું મુનિશ્રીએ પીછાની લીધુ હશે તેની કંઈક ઝાંખી અર્પણ કર્યાનું લખાણોમાંથી પણ મળે છે.

પૂ. સંતબાલજી તથા કવિવર્ય નાનચંદ્રજી મહારાજ સાહેબે ગાંધીજીના કાર્યને આગળ ધપાવવામાં યોગદાન આપ્યું. સંપ્રદાયમાંથી સાંપ્રદાયિકતાના વિષને દૂર કરી સર્વધર્મ-સમભાવનાં અમૃત પાયાં. જેમાંથી મહાત્મા ગાંધીજીએદેશને સત્યાગ્રહ અને રચનાત્મક કાર્યોનો માર્ગ તૈયાર કરી આપ્યો, ધર્મદષ્ટિ, સર્વોદય કે અહિંસક સમાજરચના કહો તેનો પાયા ગાંધીજી પોતાના વિચાર અને કાર્યથી તૈયાર કરી આપ્યો. પૂ. સંતબાલજીના ભાલનળકાઠાંના પ્રયોગે તે ઝીલી લીધો.

વિદ્વાન શ્રાવક વીરચંદ રાઘવજી ગાંધી ઈંગ્લેન્ડમાં "જૈન લિટરેચર સોસાયટી" સ્થાપી લોકોને માંસાહાર છોડાવી શાકાહાર તરફ વાળતા હતા, ત્યાંથી તેમને મહાત્મા ગાંધીજીનો પરિચય થયો બન્નેએ સાથે નિરામિષ આહારના પ્રયોગો કર્યા હતા. આવી બધી પ્રવૃત્તિની પ્રેરણાથી સ્વામી વિવેકાનંદે સ્થાપેલા રામકૃષ્ણ મિશન, પૂ. આત્માનંદજી મહારાજનાં મિશનનું કાર્ય વિજયવલ્લભસૂરી મહારાજે જૈનોની એકતા અને ભારતીય સાંસ્કૃતિક વિકાસના કાર્યો આગળ વધાર્યા.

અહિંસાનો સામુદાયિક પ્રયોગ કરી ભારતને આઝાદી અપાવવાનું અભૂતપૂર્વ અને અદ્‌ભુત કહી શકાય એવું અહિંસક કામ ગાંધીજીએ કરી બતાવ્યું. અહિંસાના આ પ્રયોગ કાર્યમાં મહાવીરનું તપ, મૌન અને પ્રાર્થનાનો ગાંધીજીએ સામુદાયિક ઉપયોગ પણ કર્યો. સ્ત્રી જાતિની ગુલામીની બેડીઓ તોડવામાં જેમ ભગવાન મહાવીરની ચંદનબાલા સમયના અભિગ્રહની તપશ્ચર્યાનું પ્રદાન ઉપયોગી બન્યું, તેમ ગાંધીજીના તપત્યાગ અને બલિદાનને નિમિત્તે ભારતમાં સ્ત્રીઓને મતદાનનો અધિકાર રાજ્ય શાસનમાં આપ્યો અને પુરુષપ્રધાન સમાજ રચનામાં સ્ત્રીઓ માટે અનેક ક્ષેત્રો ખુલ્લાં મૂકવાની પ્રેરણા મળી.

શ્રીમદ્ રાજચંદ્ર, ગાંધીજી અને સંતબાલ જેવી વિભૂતિઓએ વકતવ્ય અને કર્તવ્યને જીવનની એક રેખા પર રાખ્યા. શ્રીમદ્‌જી અન્ સંતબાલ જેવા મહાન સંતોના વિચારો સાથા મહાત્મા ગાંધીજીના વિચારોનું સામંજસ્ય એટલે રાજસત્તા અને ધર્મસત્તાનો સમન્વય કહી શકાય.

ગાંધીજીએ પોતાના જીવનમાં સર્વધર્મ સમભાવને આત્મસાત કરેલો. શ્રીમદ્‌જીના જીવન વ્યવહા થી, જૈનોના મહાવ્રત અપરિગ્રહની એટલી

પ્રબળ અસર ગાંધીજી પર પડી કે તેઓ દઢપણે માનતા થયાં કે સત્યશોધક, અહિંસાવાદી, પરિગ્રહ ન કરી શકે. જીવનના દરકે સ્તરે ગાંધીજીએ અપરિગ્રહવ્રતની પ્રાણ પ્રતિષ્ઠા કરી અને આ શ્રદ્ધા જ્યારે ઐચ્છિક ગરીબાઈ વ્રતમાં પરિણમી ત્યારે એ વિચારધારાએ સમગ્ર રાષ્ટ્રને સમાજવાદનો આદર્શ આપ્યો.

બ્રહ્મચર્ય અને સાધનશુદ્ધિના વિચારોની અસર પણ ગાંધીજીના જીવનમાં જોવા મળે છે. રાજકારણ અન સ્વાતંત્ર્ય સંગ્રામના વિવિધ પ્રસંગોમાં તેમની અનેકાંત દષ્ટિનાં દર્શન થયા વિના રહેતા નથી. દરેક વ્યક્તિ, સાથે કામ કરવાવાળી હોય કે સામા પક્ષની હોય, તેના મતને લક્ષમાં લેવો ધીરજપૂર્વક તેનું ચિંતન કરવું, તે અભિગમમાં પરમત સહિષ્ણુતાના સિદ્ધાંતને સ્વીકારાતો જોવા મળે છે. જૈનદર્શનની સુક્ષ્મ અને ઊંડી અહિંસા ગાંધીજીએ આત્મસાત કરી શ્રીમદ્જીએ જૈન દર્શનના પુરુષાર્થવાદની વાત કરી તો એજ વાતને ગાંધીજીએ અનાસક્ત કર્મયોગમાં મૂર્તિમંત કરીને ચરિતાર્થ કરી. આમ ગાંધીજીના સમગ્રજીવનમાં જૈનધર્મ - વિચારધારા અને જૈન સંતોની વ્યાપક અને પ્રબળ અસર જોવા મળે છે.

– ગુણવંત બરવાળિયા 'ગુંજન'

**હે પરમકૃપાળુદેવ !**

**આપ મળતા મને પરમાર્થનું દુઃખ તો મટ્યું છે. પણ એ માર્ગે ચાલવાની મારી મંદ દશાનું દુઃખ સતત વર્તે છે. તારા વચનો વિચારતા જણાય છે કે કોઈ પણ પ્રકારે મૂર્ચ્છા પાત્ર આ દેહ નથી. અને દેહનાં દુઃખે દુઃખી થવા યોગ્ય આત્મા પણ નથી, આત્માને તો અજ્ઞાન અને મોહનું દુઃખ છે. એ સિવાય બીજું કંઈપણ દુઃખ લાગે એ તો દેહબુદ્ધિ છે. તારી કૃપાથી આ વાત સાંભળવા, સમજવા અને વિચારવા મળી છે. દેહ છતાં તારી દેહાતીત સ્થિતિ અમે જોઈએ છીએ. તું અમને આવી દશાનું દાન કર. અને અજ્ઞાન અને મોહના દુઃખો દૂર કરી શાશ્વતા સુખની પ્રાપ્તિ કરાવ. એ જ ભાવના.**

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ**

# શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજીની દ્રષ્ટિએ દયા ધર્મનું સ્વરૂપ

સત્ય એ ભગવાનનું બીજું સ્વરૂપ છે. (Truth is God). તો, અહિંસા માં ભગવતી સ્વરૂપ છે. સત્ય ભાવાત્મક છે અને અહિંસા ક્રિયાત્મક છે. સત્યની ક્રિયાત્મક અને વિધેયાત્મક વત્સલ શક્તિ, તે ભગવતી અહિંસા છે. આ અહિંસા ભયભીત બનેલાને શરણ આપતા પીયરઘર જેવી છે, ઉર્ધ્વગમન કરવા ઈચ્છતા સાધકને, ગગન જેમ પંખીને આધાર આપે તેમ આધાર આપનારી છે. દયાધર્મ તૃષાતુરને જળ, (જલદાન) ક્ષુધાતુરને અન્ન (અન્નદાન), રોગીઓને ઓષધ (ઔષધદાન) આપનાર છે. ચૌપગા પ્રાણીઓને આશ્રય આપનાર છે, સાર્થવાહની જેમ ભૂલેલાને માર્ગ બતાવનાર છે, સમુદ્ર મધ્યે નૌકા પ્રવાસીઓનું રક્ષણ કરે તેમ રક્ષણ કરનારી છે. આવી સુપ્રસિદ્ધ અહિંસા - દયાધર્મ મોક્ષના અભિલાષી જીવોને પ્રાણરૂપ શરણરૂપ છે.

અહિંસાનું વિધેયાત્મક સ્વરૂપ દયા જ છે માટે જ ગમે તેવા વિકટ સંજોગોમાં સાધક આત્મા દયા છોડતા નથી અને તેનું પરિપાલન કરે છે. દયાનો અર્થ પ્રાણી માત્ર પ્રત્યે સહાનુભૂતિ, કરૂણા, પ્રેમ, પ્રીતિ, રક્ષા કરવી, અનુગ્રહ કે કૃપા કરવી તેવો થાય છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે,

**"દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ**
**અનંત જીવ મોક્ષે ગયા, દયા તણા ફળ જાણ"**

યુગપૂરૂષ શ્રીમદ્ રાજચંદ્રએ દયાને સત્ધર્મ તરીકે પ્રરૂપેલ છે. સર્વજ્ઞ ભગવંતે તત્વના ભિન્ન ભિન્ન ભેદ કહ્યાં છે. તેમાં મુખ્ય બે છે વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મ. આપણે વ્યવહાર ધર્મામાં દયાની વિચારણા કરીએ.

(૧) યત્નાપૂર્વક જીવ રક્ષા કરવી તે દ્રવ્ય દયા

(૨) બીજા જીવોને દુર્ગતિ તરફ જતાં દેખી અનુકંપા બુદ્ધિથી ઉપદેશ આપવો તે ભાવ દયા.

૩) અજ્ઞાની જીવ તત્વ પામતો નથી એમ ચિંતવી ધર્મ પ્રેરવો તે સ્વદયા.

૪) છ કાય જીવની રક્ષા કરવી તે પરદયા.

૫) સુક્ષ્મ વિવકેથી સ્વરૂપ વિચારણા તે સ્વરૂપ દયા.

૬) કડવા કથનથી અશુભમાંથી રોકવા દબાણ કરે તે દેખાવમાં અયોગ્ય લાગે પરંતુ પરિણામે કરુણાનું કારણ બને તે અનુબંધ દયા.

૭) શુદ્ધ સાધ્ય અને શુદ્ધ સાધનના ઉપયોગમા એકતા ભાવ અને અભેદ તે નિશ્ચય દયા.

૮) ઉપયોગ અને વિધિપૂર્વક દયા પાળવી તે વ્યવહાર દયા.

આત્માને આત્મભાવે ઓળખવો તે નિશ્ચયધર્મ, આ સંસાર કે દેહ મારો નથી. હું એથી ભિન્ન પરમ અસંગ, સિદ્ધ આત્મા છું. એવી આત્મ સ્વભાવે વર્તના જેમાં કોઈ પ્રાણીનું દુઃખ, અહિત કે અસંતોષ રહ્યાં છે જ્યાં જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી.

દયા ધર્મની પ્રશસ્તિ કરતાં કાવ્યમાં શ્રીમદ્જીએ કહ્યું છે કે,

**"ધર્મ તત્વ જો પૂછ્યું મને, તો સંભળાવુ સ્નેહે તને**
**જે સિદ્ધાંત સકળનો સાર, સર્વમાન્ય સહુને હિતકાર**
**ભાખ્યુ ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન**
**અભયદાન સાથે સંતોષ, દયો પ્રાણીને દળવા દોષ**
**સત્ય શીળને સઘળાં દાન, દયા હોઈને રહ્યાં પ્રમાણ**
**દયા નહિ તો એ નહિ એક, વિના સૂર્ય કિરણ નહિ દેખ**
**પુષ્પ પાંખડી જ્યાં દુભાય, જીનવરની ત્યાં નહિ આજ્ઞાય**
**સર્વ જીવનું ઈચ્છો સુખ, મહાવીરની શિક્ષા મુખ્ય."**

દયાને સૂર્યની ઉપમા આપી દયા ધર્મની પ્રધાનતા સિદ્ધ કરી છે. અભયદાન સાથે સંતોષની વાતમાં પણ સુક્ષ્મ ગુઢાર્થ છુપાયેલો છે. જીવોને જાન-માલ, આબરુ અને આજિવીકાની રક્ષા થાય તેવી સલામતી આપવી તે અભયદાન. તેને સામાજિક ન્યાય અને રોજી રોટી મળી રહે તો તેને જીવનમાં સંતોષ થાય અને પરના હિતને પોતાનું હિત માની

પરના દુઃખને પોતાનું દુઃખ માની તે દૂર કરવું તે દયા ધર્મ છે. વ્યવહારમાં સર્વ જીવોને સુખ મળે તેવી મહાવીરની શિખામણનું પાલન કરવાથી અધર્મ કે હિંસાનો દોષ ટળે છે કેમ કે જેમાં કોઈ પ્રાણીનું અહિત, દુઃખ કે અસંતોષ રહ્યાં છે ત્યાં દયા નથી. આ અધર્મનો દોષ ટાળવા અભયદાન સાથે સંતોષ સૌ પ્રાણીને મળે તે જોવું જોઈએ. અભયદાનમાં મૈત્રીભાવ અભિપ્રેત છે. ભગવાનના કહેલા ધર્મ તત્વથી સર્વ પ્રાણી અભય થાય છે. આ સંસારના ભયોથી ભયભીતને અહિંસા પરમ ઔષધિરૂપ અને ભૂતમાત્રની માતા સમાન હિતકારી છે, તેથી અહિંસાને જગતમાતા જગદંબા કહે છે. તે સમસ્ત જીવોનું પ્રતિપાલન કરે છે. અહિંસા જ આનંદની પરિપાટી ઉભી કરે છે. આ અહિંસાના વિદ્યેયાત્મક સ્વરૂપ દયાને જૈનો કુળદેવી સમાન ગણે છે.

શ્રીમદ્ રાજચંદ્રએ આત્મસિદ્ધિશાસ્ત્રની ૩૮ અને ૧૦૮મી ગાથામાં દયા ધર્મ અંગે ખૂબજ સુંદર વાત કરી છે.

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થનિવાસ.**

આ ગાથા સમજાવતા વિદ્વાન સાધ્વી ડૉ. **તરુલતાબાઈ મહાસતીજી** એ કહ્યું છે કે,

"જેના સમગ્ર જીવનમાં પ્રાણીદયા અભિપ્રેત છે. તેવા જીવોનો શ્રીમદ્જી આત્માર્થીમાં સમાવેશ કરે છે. જીવદયાને આત્માર્થીનો ચોથો ગુણ કહ્યો 'જેને પ્રાણીદયા, અનુકંપા અને કરૂણાદ્રષ્ટિ લાધી છે - એવો આત્માર્થી જીવ, સર્વ પ્રાણીઓમાં સમાન આત્મા જ ભાળતો હોય છે. સહુને સિદ્ધ સમાન વિશુદ્ધ દ્રષ્ટિએ જાણતો હોય, તેથી કોઈ જીવે કરેલા રાગ, દ્વેષ એ જીવનું વાસ્તવિક સ્વરૂપ નથી પણ તેના અજ્ઞાનનું જ પરિણામ છે; તેથી તેના અજ્ઞાન પર તો કરૂણા જ સંભવે, તેના અજ્ઞાનના નિમિત્તે આત્માર્થીને રાગ દ્વેષ ન સંભવે, મૌત્રીભાવે પ્રેમ ઉપજે, તેના ઉપાધિ કે દુઃખો પરત્વે કરૂણા ઉપજે."

જાગૃતિ સેવતા આત્માર્થી જીવની જાગેલી જીવદયા, ભાવદયા સહજ રૂપે અન્ય જીવ પ્રત્યે અનુકંપા ભાવથી વરસી પડે એટલે દ્રવ્ય દયા તો

હોય જ.

હવે ૧૦૮મી ગાથામાં કહેલા અંતરદયાના ભાવો જોઈએ.

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ."**

આત્મસિદ્ધિશાસ્ત્રમાં થોડા ફેરફાર સાથે આજ ગાથા બીજીવાર આવી છે, જે સૂચવે છે કે મોક્ષના અભિલાષી જીવને દયા ધર્મના ગુણની કેટલી જબરજસ્ત આવશ્યકતા હશે.

અંતર દયા એ જીજ્ઞાસુ જીવનું એક વિશિષ્ટ લક્ષણ છે.

'અંતરદયા'માં છ કાય જીવોની દયાની વાત છે. છ કાયના જીવો એટલે પૃથ્વી, પાણી, વનસ્પતિ, વાયુ, અગ્નિનાં જીવો તથા હાલતાચાલતા ત્રસ જીવો. છ કાયના જીવોની દયાનું ફરમાન શ્રી પ્રભુએ કર્યું છે. એ છ કાયમાં પોતે પ્રથમ છે. 'પોત' અર્થાત 'આત્મા'. જે આત્માની દયા કરી શકે તેજ છ કાયની દયા કરી શકે. જેને બીજા શબ્દોમાં સ્વદયા કહી શકાય. જ્યાં સુધી જીવ પાત્રતા કેળવવાની દશામાં હતો ત્યાં સુધી પ્રાણીદયા સુધીજ સીમિત હતો, પરંતુ હવે તો મોક્ષના માર્ગે પ્રયાણ આદર્યું છે તેથી સ્વદયા, અંતરદયા પ્રગટ થઈ જ હોય એવા જીવને સમય સમયની અત્યંત જાગૃતિ વર્તતી હોય. જેના અંતરમાં સ્વદયા વણાઈ ગઈ છે, તેના વ્યવહરામાં અન્ય જીવો પ્રત્યે અનુકંપાના ધોધ વહેતા હોય અને ત્યારેજ તે જીવ મોક્ષ માર્ગ પ્રાપ્ત કરી શકે છે.

શ્રીમદ્જી પાસેથી જેમણે દયાધર્મના કુંડા અને કુંડા રસ પીને સત્ય, અહિંસાના પ્રયોગો કર્યા છે એવા ગાંધીજી લખે છે કે,

"સત્ય એ ઈશ્વર છે. એ સૂત્રની સહાયથી જ હું જાણેકે ઈશ્વરનું પ્રત્યક્ષ દર્શન કરી શકું છું. મારી રગે રગમાં હું તેને વ્યાપી રહેલો અનુભવું છું. સત્યને તમે ઈશ્વર તરીકે પામવા ચાહતા હો તો તે માટે એક અનિવાર્ય સાધન પ્રેમ એટલે અહિંસા છે. આખરે સાધ્ય અને સાધન એકજ અર્થના બે શબ્દો છે. અહિંસા મારો ઈશ્વર છે. સત્ય મારો ઈશ્વર છે. સત્યને શોધું છું ત્યારે અહિંસા કહે છે, 'મારી મારફત શોધ' અને અહિંસાને શોધું છું ત્યારે સત્ય કહે છે 'મારી મારફત શોધ' ". આવી અહિંસા તે પ્રેમનો

સાગર છે. શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજી જેવી વિભૂતિઓએ સત્ય ભગવાન અને અહિંસા ભગવતી ને જાણી છે, અનુભવી છે, પ્રેમ, દયા, અહિંસા કે સતૂધર્મરૂપે પ્રકાશી છે ને પ્રસરાવી છે.

રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્ર) પાસેથી ગાંધીજીએ દયા ધર્મના કુંડા ને કુંડા પીધા અને આઠેય પ્રકારે દયા પાળી. તેમના સત્યધર્મના ઉદ્ધારની વાતને ગાંધીજીએ કઈ રીતે આગળ વધારી તે વાતનુ તત્વચિંતક દુલેરાય માટલીયાએ સુંદર રીતે નિરૂપણ કર્યું છે.

૧) દ્રવ્યદયામાં એકેન્દ્રીય જીવોનો પણ ખ્યાલ રાખતા, આશ્રમના એક અંતેવાસી જાજરૂ જઈ આવીને માટી લાવ્યા ત્યારે ગાંધીજીએ તેને ખેતરમાંજ પાછી મૂકાવી. પોતે લીમડાની ચટણી વાપરતા, એક ભાઈ મોટી ડાળખી લાવ્યા તો ચાર દિવસ ચલાવી. વાપરવાનું સ્નાન માટેનું પાણી પણ અઢી શીશા જેટલું જ, દાતણ પણ ચાર-પાંચ દિવસ ચલાવે.

૨) ભાવદયા :- શાકાહારી કલબની શરૂઆતથી અંત સુધી બીજાને દયા ધર્મ સમજાવતા રહ્યાં.

૩) સ્વદયા :- પોતાને પાપથી બચાવતાં રહ્યાં.

૪) સ્વરૂપદયા :- પોતે પોતાના આત્માનું જ કરી શકે છે.બીજાના સુખ દુઃખનો કર્તા નથી તેવી શુદ્ધ સ્વરૂપ દયા.

૫) પરદયા :- બીજા પ્રત્યે આત્મતુલ્ય પ્રીતિ રાખી અનુકંપા પરોપકારના કાર્યમાં પરદયાનો પ્રચાર કર્યો.

૬) અનુબંધ દયા :- મા જેમ બાળકને દુઃખ લાગે તોય તેના હિત માટે કડવું ઔષધ (ઓસડ) પાય છે તેમ વ્યસન, અસત્ય, અન્યાય કરનારને કડવું લાગે, દબાણ લાગે તોય તેના હિતાર્થે કરનારી અનુબંધ દયાને ટેકો આપ્યો.

૭) પોતાના સ્વરૂપમાં રહેનારી નિશ્ચય દયા.

૮) નિશ્ચયને અનુરૂપ વ્યવહાર રાખીને ગાંધીજીએ સત્ય-ધર્મના ઉદ્ધારની શ્રીમદ્‌ની વાતને આગળ વધારી તેમાં અહિંસા ધર્મની શાન છે.

સ્વરૂપ દયા એટલે ઈર્ષા, રાગ-દ્વેષ, અહં સ્વરૂપને ઘેરી ન લે તેની સાવધાની અને ચિંતન તેની ખાસ આવશ્યકતા અનુબંધ દયા વખતે

રાખવાની છે.

જેના રોમ રોમમાં પ્રેમ અને દયા ઉભરતા હોય તે કોઈ પ્રકારનો અન્યાય, અધર્મ, અસત્ય, જૂઠ, અત્યાચાર કે ભ્રષ્ટાચાર સહી જ ન શકે. એ ભ્રષ્ટાચારનો, એ પ્રેમના બળથી, અહિંસાના બળથી, દયાના બળથી, આત્માના બળથી કે સત્યના બળથી પ્રતિકાર કરે, તે સ્વીકારવા ઈન્કાર કરે ને કરાવે તેમ કરતાં બાહ્ય દ્રષ્ટિએ એને કડવું લાગે, આકરૂં લાગે અને સત્યાગ્રહી પર જુલ્મ કરે તો હસતા હસતા સહન કરે, સરકારના દુષ્કૃત્ય, પક્ષપાત અને અન્યાયી કાયદાનો વિનયપૂર્વક ભંગ કરે અને સજા સહન કરે. આ સત્યાગ્રહની શોધ અને તેનો સામુદાયિક પ્રયોગ એ ગાંધીજીની ધર્મક્રાંતિ છે.

– ગુણવંત બરવાળિયા 'ગુંજન'

**હે ગુરુદેવ !**

**પરમાર્થ તત્વને પરિણમવા માટેની યોગ્યતા ઘડાયા વિના પરમાર્થ તત્વ પરિણમી શકતુ નથી. આ પામરને પૂન્યયોગે આપનું શરણ તો મળ્યું, પરંતુ જેનું શરણ આપે લીધું હતું અને જગતને તથા મને લેવા કહ્યું હતું, એનું શરણ લેવામાં આ જીવે ઘણો પ્રમાદ કર્યો, અને અસંખ્ય સમયો એમ જ વીતતા ગયા. કરુણા સાગરની કરુણા થઈ અને અત્યંત વેદનના પ્રસંગમાં વેદના ફાટીને શાંત સ્વરૂપની સમજ થઈ.**

**હે નાથ ! દિવ્ય તત્વજ્ઞાનનો, દેશનાનો અને કૃપાનો ધોધ આપના તરફથી નિરંતર વહે છે. પણ અમે મંદ પુરુષાર્થી હજુ સર્વસંગ પરિત્યાગને ઈચ્છતા પણ થયા નથી. અમોને આ રાગબંધનો અને વિકલ્પો ના વનથી બચાવો ! નાથ ! બચાવો, આ જગત અને જગતનાં દુઃખો હવે નથી જોવાતા. આ જીવને પરમ શાતા અને પૂર્ણ શાંતિના દાન આપો. એ ભાવના.**

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ**

# ની કવિતા
# સંક્ષિપ્ત દર્શન

સાહિત્ય સર્જનને ક્ષત્રે શ્રીમદ્ રાજચંદ્રની એક આગવી પ્રતિભા ઉપસે છે અને સાહિત્યકીય દષ્ટિએ ખાસ કરીને એમની કવિતા અને કેટલુંક ગદ્ય ખરેખર ઊંચી કક્ષાનું છે એવી પ્રતીતિ થાય છે. શ્રીમદ્‌ના સાહિત્યનું મૂલ્યાંકન આજ પર્યંત ઘણું ઓછું થયું છે.

જો કે શ્રીમદ્‌ના સાહિત્ય વિષે આપણા સારસ્વતોએ પ્રસંગોપાત્ત ઉલ્લેખો કર્યા છે ખરા. આવા ઉલ્લેખો કરનારાઓમાં ગાંધીજી, પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસજી, આનંદશંકર ધ્રુવ, કાકાસાહેબ કાલેલકર, મુનિશ્રી પુણ્યવિજયજી, રસિકલાલ પરીખ, નર્મદાશંકર મહેતા, વિમલા ઠકાર જેવી પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ ભાવભીની વાણીમાં શ્રીમદ્‌ની પ્રશંસા કરી છે એ નોંધનીય છે. પરંતુ એમનું સાહિત્યિક મૂલ્યાંકન કે વિશદ સમીક્ષા જોવા મળતી નથી.

ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં પણ શ્રીમદ્દે સાહિત્યક્ષેત્રે કરેલા અર્પણની કોઈ વિશિષ્ટ નોંધ જોવા મળતી નથી. શ્રીમદ્‌ને ગાંધીજી 'કવિ' તરીકે સંબોધન કરતાં અને એમના કેટલાક મિત્રો પણ એમને 'કવિ' કહેતા. આ સંબોધન તેમણે સાર્થક કર્યું છે.

આઠ વર્ષની નાની વયે તેમણે કવિતા લખવાની શરૂઆત કરી. નવ વર્ષની વયે રામાયણ અને મહાભારતની સંક્ષિપ્ત કથા પદ્યમાં લખી અગિયાર વર્ષની વયે તો એમની કૃતિઓ તત્કાલીન પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રગટ થવા લાગી. સોળ વર્ષની વયે 'મોક્ષમાળા' જેવું જૈન દર્શનનાં સારરૂપ માનવ-ધર્મ અને આત્મધર્મનું સ્વરૂપ આલેખતું એક પ્રેરક પુસ્તક લખ્યું જેમાં તેમણે તત્ત્વજ્ઞાનના ગહન વિષયને સરળ શૈલીમાં અને દ્રષ્ટાંતને સહારે સુગમ બનાવ્યો છે.

અહીં તેમનાં કેટલાંક કાવ્યો વિશે સંક્ષિપ્ત સમીક્ષા કરવાની છે. એમની પુખ્ત વયે 'અપૂર્વ અવસર' અને 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' જેવાં અત્યુત્તમ

કાવ્યો લખાયાં છે. આજે એક શતાબ્દી પછી પણ આ બે કાવ્યો આંતરબાહ્ય દ્રષ્ટિએ ઉત્તમ રચનાઓ તરીકે સિદ્ધ થયેલ છે. ૨૮ વર્ષની વયે સં ૧૯૫૨ના આસો વદ એકમને દિવસે એમણે ‘શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર’ જેવા તત્ત્વજ્ઞાનના ગહન વિષયને સ્પર્શતું કાવ્ય લખ્યું. ૨૯ વર્ષની વયે ‘અપૂર્વ અવસર’ જેવું અનેક કાવ્યગુણોથી સભર કાવ્ય લખ્યું. આ સિવાય તેમણે અનેક કાવ્યોનું સર્જન કર્યું છે. આ કાવ્યોમાં ખાસ ગણનાપાત્ર કાવ્યો આ પ્રમાણે છે : ‘અમૂલ્ય તત્ત્વ વિચાર’, ‘જિનેશ્વરની વાણી’, ‘પ્રભુ પ્રાર્થના’, ‘ધર્મ વિષે’, ‘સામાન્ય મનોરથ’, ‘તૃષ્ણાની વિચિત્રતા’, ‘હે પ્રભુ ! હે પ્રભુ !’, ‘જિનવર કહે છે’ અને કેટલાક મુક્તકો તેમ જ હિંદી ભાષામાં લખેલાં કાવ્યોનો સમાવેશ થાય છે. એમની કેટલીક ગદ્યપંકિતઓ પણ કાવ્યસદશ ધ્વનિ અને લયથી ગુંજતી હોય છે.

**અપૂર્વ અવસર** : આ એક ભાવવાહી સુંદર ગેય કાવ્ય છે. એકવીસ ગાથામાં રુમઝુમ કરતું ઝરણું વહેતું હોય એવી ગતિશીલ ભાવવાહિતાપૂર્વક એની પ્રત્યેક પંકિતઓનું આયોજન થયું છે. કોઈ પણ પંકિતમાં લયભંગ થતો નથી અને કોઈ પણ પંકિત આયાસપૂર્વક લખાઈ હોય એવું જણાતું નથી. એમના પદ્યમાં આવી વિશિષ્ટતા છે.

કાવ્યના આરંભમાં એવી બે પંકિતઓ તેઓ મૂકે છે કે આરંભથી તે અંત સુધી આ કાવ્યનો અર્થવિસ્તાર સાંદ્યત આસ્વાદ્ય બને છે. આ પંકિતઓ છે :

**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?**
**ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?**

આત્મસ્થિતિને - નિજ સ્વરૂપને પામવા માટે બાહ્યાંતર નિર્ગ્રંથ થવાની અહીં શ્રીમદ્ વાત કરે છે અને ત્યાર પછીની પંકિતઓમાં નિરંજન ચૈતન્ય મૂર્તિ સહજપદરૂપ પ્રાપ્ત કરવા માટેનો માર્ગ પ્રબોધ્યો છે. આ કાવ્યમાં જે સ્વરૂપનું વર્ણન છે તેને વાણી વ્યક્ત કરી શકે નહીં અને એથી એનું વર્ણન પર્યાપ્ત બની શકે નહિ કારણ કે આ જ્ઞાન માત્ર અનુભવને આધારે જ પ્રાપ્ત થઈ શકે એવી વાત નીચેની પંકિતમાં તેમણે કરી છે.

**'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.'**

**શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર :** વિશિષ્ટ કાવ્યગુણોથી ઓપતું આ માત્ર કાવ્ય જ નથી પણ ફક્ત ૧૪૨ ગાથામાં આત્મસ્વરૂપને સમજાવતું એક ગહન વિષયને નિરૂપતું પદ્યાત્મક શાસ્ત્ર છે. કાવ્યની વિશિષ્ટ પ્રકારની યોજના છે. એમાં મતાર્થી અને આત્માર્થીનાં લક્ષણો કહ્યાં છે અને આ બંનેના વર્ણનો શ્રીમદ્દે ખૂબીપૂર્વક ઉપયુક્ત શબ્દોને સહારે એના રહસ્યને સમજાવે છે. વચ્ચે વચ્ચે કરુણાસભર ઉપાલંભની વાણી પણ કેવી આર્દ્રતાથી ઉપસે છે તે નીચેની પંક્તિઓમાં અનુભવાય છે.

**'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;**
**માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.'**

આ કાવ્યમાં એક બીજું રસપ્રદ આયોજન શ્રીમદ્દે કર્યું છે, તે છે સદ્ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંવાદ. આ સંવાદમાં શિષ્યની શંકાના ગુરુ ઉત્તરો આપે છે. અને એમાં 'ષટ્દર્શન'ની વાત પણ મુમુક્ષુને હૃદયંગમ થાય તે રીતે તેમણે મૂકી છે.

**'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજકર્મ',**
**'છે ભોકતા' વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ.'**

કાવ્યના અંતભાગમાં એમણે 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'નો સાર છેલ્લી બે પંક્તિઓમાં અત્યંત લાઘવથી વ્યક્ત કર્યો છે.

**'દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;**
**તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.'**

આ સમગ્ર કાવ્ય આત્મજ્ઞાનના ગહનતમ પ્રદેશમાં ભાવકને લઈ જાય છે અને આત્મસિદ્ધિ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય એનો માર્ગ દર્શાવે છે. ગુજરાતી સાહિત્યમાં આત્મદર્શનના નરસિંહ મહેતાથી માંડીને જે જે કાવ્યાત્મક પ્રયોગો થયા છે તેમાં શ્રીમદ્નું 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' ઉચ્ચ સ્થાનનું

અધિકારી છે. 'અમૂલ્ય તત્ત્વવિચાર' પણ શ્રીમદ્‌નું એક ઉત્તમ ગેય કાવ્ય છે. 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો' એવી પંકિતથી શરૂ થતું આ કાવ્ય મીરાબાઈના 'નહિ એસો જનમ બારંબાર' સાથે તુલના કરવા જેવું છે. આ કાવ્યનું ઉત્તુંગ શિખર છે:

**'હું કોણ છું?' 'ક્યાંથી થયો?'**
**શું સ્વરૂપ છે મારું ખરું ?**
**કોના સંબંધે વળગણા છે ?**
**રાખું કે એ પરહરું ?**

આધ્યાત્મિક વિષયના આવાં ગહન કાવ્યો સિવાય શ્રીમદ્‌ સામાજિક સુધારાવાદી દ્રષ્ટિએ પણ કેટલાંક કાવ્યો લખ્યાં છે તેની બહુ નોંધ લેવાઈ નથી. લગભગ પંદર વર્ષથી માંડીને આરંભમાં તેમણે આ પ્રકારના કાવ્યો લખ્યા છેં એમાં કવિ દલપતરામ તથા નર્મદની કાવ્ય શૈલીનાં કેટલાક લક્ષણો જોવા મળે છે. સં.વ. ૧૯૪૦માં તેમણે સ્ત્રીનીતિ બોધક (ગરબાવાળી) પ્રગટ કરી એમાં સ્વદેશ પ્રેમ તથા સ્ત્રી કેળવણી દ્વારા મહિલા સમાજમાં સુધારા પ્રેરવાની તેમની અદમ્ય ઈચ્છા પ્રગટ થાય છે જેમ કે :

**'થવા દેશ આબાદ સૌ હોંશ ધારો,**
**ભણાવી ગણાવી વનિતા સુધારો;**
**થતી આર્યભૂમિ વિષે જેહ હાનિ,**
**કરો દૂર તેને તમે હિત માની.'**

દલપતરામની મનહર છંદમાં રચાતી સુધારા અંગેની કવિતા જેવી તેમણે અનેક કવિતાઓ લખી છે. એમાંની 'સ્ત્રીનીતિ બોધક' કવિતા મુખ્ય છે.

**'સુધારાની સામી જેણે, કમર કસી છે હસી,**
**નિત્ય નિત્ય કુસંપ જે, લાવવાને ધ્યાન ધરે;**
**તેને કાઢવાને તમે, નાર કેળવણી આપો,**
**કુચાલો નઠારા કાઢો, બીજા જે બહુ નડે;**
**રાયચંદ પ્રેમે કહે, સ્વદેશી સુજાણ જનો,**
**દેશહિત કામ હવે, કેમ નહિ આદરે?'**

દલપત શૈલીની કટાક્ષ અને રમૂજભરી મનહર છંદમાં આલેખાતી કવિતા જેવી શ્રીમદ્‌ની અગંભીર કવિતા પણ નોંધપાત્ર છે. 'તૃષ્ણાની

વિચિત્રતા'માં શ્રીમદ્‌નો વિનોદ કેવો અસરકારક રીતે પ્રગટે છે તે જોઈએ:

**'કરોચલી પડી દાઢી ડાચાંતણો દાટ વળ્યો,**
**કાળી કેશપટી વિષે શ્વેતતા છવાઈ ગઈ;**
**સૂંઘવું, સાંભળવું, ને દખવું તે માંડી વાળ્યું,**
**તેમ દાંત આવલી તે, ખરી કે ખવાઈ ગઈ.**

શ્રીમદ્ શંકરાચાર્યની 'અંગમ્ ગલિતમ્ પલિતમ્ મુંડમ, દશનવિહીનય, જાતય્ તુંડમ્....' જેવી પંક્તિઓ અહીં સાંભરે.

શ્રીમદ્‌ના કાવ્ય 'જિનેશ્વરની વાણી'માં પણ દલપત શૈલીના મનહર છંદની એક અસરકારક છટા ઝિલાઈ છે.

**'અહો! રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા તે,**
**જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.'**

આ પંક્તિઓ આપણને દલપતરામની પેલી વિખ્યાત પંક્તિઓનું સ્મરણ કરાવે છે:

**'ગુજરાતી શાણી રાણી વાણીનો વકીલ છું.**

આ રીતે પ્રવાહી મનહર છંદમાં પ્રાસાનુપ્રાસ અને સરળ બાનીનું શ્રીમદ્દે કેટલાક કાવ્યોમાં આલેખન કર્યું છે.

શ્રીમદ્‌ની કેટલીક પંક્તિઓમાં મધુર પદાવલિ, પ્રાસાનુંપ્રાસની આહ્‌લાદક રચના તેમ જ શબ્દ સૌંદર્ય તથા મુગ્ધકર લયવાહિતાનો હૃદયંગમ અનુભવ થાય છે:

**નિત્ય નિરંજન નિત્ય છો, ગંજન ગંજ ગુમાન;**
**અભિવંદન અભિવંદના, ભયભંજન ભગવાન.**
**ધર્મધરણ તારણતરણ, શરણ ચરણ સન્માન;**
**વિઘ્નહરણ પાવનકરણ, ભયભંજન ભગવાન**

(પ્રભુ પ્રાર્થના)

* * * * * *

**આભૂષણોથી ઓપતા ભાગ્યા મરણને જોઈને,**
**જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને.**

(કાળ કોઈને નહીં મૂકે)

ધર્મ વિના પ્રીત નહીં, ધર્મ વિના રીત નહીં.
ધર્મ વિના હિત નહીં, કથું જન કામનું;
ધર્મ વિના ટેક નહીં, ધર્મ વિના નેક નહીં,
ધર્મ વિના ઐક્ય નહીં, ધર્મ ધામ રામનું

(ધર્મ વિષે)

શ્રીમદ્‌નાં કાવ્યોનું આ સંક્ષિપ્ત અવલોકન શ્રીમદ્‌ની સમગ્ર કવિતાની વિશદ સમીક્ષા કરવા પ્રેરે એવો અહીં આશય રખાયો છે અને ગુજરાતી કાવ્ય-સાહિત્યમાં શ્રીમદ્‌ની કવિતાનું આગવું સ્થાન પ્રસ્થાપિત થાય તે અત્યંત આવશ્યક છે.

ડૉ. જયંત મહેતા

હે ગુરુદેવ !

મહાભાગ્યે આપની કૃપાથી અનંત સુખી થવાનો માર્ગ મને મળ્યો છે. રુચિ થઈ છે. અને પ્રયત્ન પણ થાય છે; પરંતુ પ્રતિકૂળતા આવતા આ તત્વજ્ઞાન કેમ ભૂલાઈ જાય છે ? દેહથી ભિન્ન છું એ વાતમાં હા કહેવા છતાં એવી પ્રતીતિ અનુભવ કેમ થતો નથી ? દેહની શાતાને માટે મોટામાં મોટું પાપ પણ થાય છે અને પસ્તાવો પણ થાય છે. પણ આત્માની શાતા માટે કેમ કશું કરી શકાતુ નથી ? આપે બતાવેલ માર્ગ એ અનંત જ્ઞાનીઓનાં અનુભવનો માર્ગ છે, એવો પૂર્ણ વિશ્વાસ હોવા છતાં જગતની રુચિ, સંસારનાં સંબંધો અને કર્તાબુદ્ધિનો ત્યાગ કેમ થતો નથી. મારા પરિણામો જોતા તો મને જ પોતા ઉપર ખેદ ખેદ અને ખેદ જ થાય છે. પુરુષાર્થ નો પ્રયત્ન કરવા છતા પુરુષાર્થ ન ચાલે તો એનું કારણ શું ? નાથ સહાય કરો ! આપની કૃપાદષ્ટિનું દાન આપીને મને આત્મ માર્ગે વાળો, હું તો અત્યંત મંદબુદ્ધિ, અત્યંત અબુધ઼ ઓ મુઢ બાળક છું. આ દાસને આ વિકલ્પોના વનમાંથી બહાર નીકળવું છે. એકવાર બસ એકવાર તું હાથ લંબાવી દે, તારો હાથ પકડીને હું આ કર્મદળમાંથી નીકળી જઈશ, કરુણાસાગર ! આટલું દાન આપી દે, આપી દે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ

# શ્રીમદ્ રાજચંદ્ર વિશે મહાત્મા ગાંધીજીના અંતરના ઉદ્ગારો

"આપણે સંસારી જીવો છીએ ત્યારે શ્રીમદ્ અસંસારી (સંસારથી વિરક્ત) હતા. આપણને અનેક યોનીઓમાં ભટકવું પડશે, ત્યારે શ્રીમદ્‌ને કદાચ એક જન્મ બસ થાઓ. આપણે કદાચ મોક્ષથી દૂર ભાગતા હોઈશું ત્યારે શ્રીમદ્ વાયુવેગે મોક્ષ તરફ ધસી રહ્યા હતા. આ થોડો પુરૂષાર્થ નથી.'

"મેં ઘણાના જીવનમાંથી ઘણું લીધું છે પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રીના (શ્રીમદ્ રાજચંદ્રના) જીવનમાંથી છે."

"જેણે આત્મકલેશ ટાળવો છે, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક છે તેને શ્રીમદ્‌ના લખાણોમાંથી બહુ મળી રહેશે."

"બાહ્ય આડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઈ શકતો. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે, એમ હરકોઈ માણસ અનુભવી શકે છે. રાગોને કાઢવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગરહિત થવું કેવું કઠિન છે. એ રાગરહિત દશા કવિને (શ્રીમદ્ રાજચંદ્રને) સ્વાભાવિક હતી એમ મારી ઉપર છાપ પડી હતી."

"ઘણા ધર્માચાર્યોના પ્રસંગમાં હું ત્યારપછી આવ્યો છું. દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે, પણ જે છાપ મારા પર રાયચંદભાઈએ (શ્રીમદ્ રાજચંદ્રજીએ) પાડી તે બીજા કોઈ નથી પાડી શક્યા. તેમના ઘણા વચનો મને સોંસરા ઉતરી જતા. તેમની બુદ્ધિને વિશે મને માન હતું. તેમની પ્રામાણિકતા વિશે તેટલું જ હતું. અને તેથી હું જાણતો હતો કે તેઓ મને ઈરાદાપૂર્વક આડે રસ્તે નહિં દોરે ને પોતાના મનમાં હશે એવું જ કહેશે. આથી મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય પામ્યો."

તેમના લખાણમાં 'સત્' નીતરી રહ્યું છે, એવો મને હંમેશા ભાસ આવ્યો છે. તેમણે પોતાનું જ્ઞાન બતાવવા સારૂં એક પણ અક્ષર નથી લખ્યો, લખનારનો હેતુ વાંચનારને પોતાના આત્માનંદમાં ભાગીદાર

બનાવવાનો હતો. જેને આત્મકલેશ ટાળવો છે, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક છે, તેને શ્રીમદ્‌નાં લખાણમાંથી બહુ મળી રહેશે એવો મારો વિશ્વાસ છે પછી ભલે થે હિન્દુ હો કે અન્યધર્મી."

તેમના લખાણોમાં એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ લખ્યુ, તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારૂં એક લીટી પણ લખી હોય એમ મેં જોયું નથી."

"આ પુરૂષે ધાર્મિક બાબતમાં મારૂં હૃદય જીતી લીધું, અને હજુ સુધી કોઈ પણ માણસે મારા હૃદય પર તેવો પ્રભાવ પાડયો નથી."

"ધાર્મિક મનુષ્યનો ધર્મ તેના પ્રત્યેક કાર્યમાં ઝળહળતો હોવો જોઈએ, જે રાયચંદભાઈએ (શ્રીમદ્ રાજચંદ્રએ) પોતાના જીવનમાં સિદ્ધ કરી બતાવ્યો હતો. પોતાના વ્યવહારમાં તેઓ સંપૂર્ણ પ્રકારે પ્રમાણિકપણે વર્તતા એવી મને તેમનાં જીવન ઉપરથી છાપ પડી હતી."

"વ્યવહારકુશળતા સાથે ધર્મપરાયણતાનો આવો સુંદર મેળ જેટલો મેં કવિમાં (શ્રીમદ્ રાજચંદ્રમાં) જોયો તેટલો મેળ અન્ય કોઈમાં પણ મને દેખવામાં આવ્યો નથી."

"રાજચંદ્રના જીવનમાંથી તેમની અનંત તપશ્ચર્યા શીખીએ, અને જે અનંત તપશ્ચર્યાને પરિણામે તેઓ ચૈતન્યની આરાધના કરતા શીખ્યા તે સમજીએ, અને આપણી અલ્પતા વિચારી બકરી જેવા રાંક બની, આપણામાં વિરાજતા ચૈતન્યને વિચારી સિંહ જેવા સમર્થ બનીએ તો જીવનનું સાર્થક્ય છે."

"તેમના જીવનમાંથી ચાર વાતોની આપણને શિક્ષા મળે છે - (૧) શાશ્વવત (આત્મા) (૨) જીવનની સરળતા (૩) સમસ્ત વિશ્વ સાથે એક સરખી વૃત્તિથી વ્યવહાર (૪) સત્ય અને અહિંસામય જીવન.

આ ઉપરથી સચોટપણે જાણી શકાય છે કે પ.કૃ.દેવ શ્રીમદ્ રાજચંદ્રજીની દિવ્ય અસર અને પ્રભાવ પૂ. મહાત્મા ગાંધીજી ઉપર કેટલો હતો તે તેના જ શબ્દોથી ખ્યાલ આવે છે.

**('ગાંધીજીના આત્મકથા' અને 'શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી' પુસ્તકમાંથી સાભાર સંકલન - વસંતલાલ આર. દેસાઈ)**

## ... કલાના સર્જનનો ઉદ્દેશ

"કાવ્ય, સાહિત્ય કે સંગીત આદિ કળા જો આત્માર્થે ન હોય તો કલ્પિત છે. કલ્પિત એટલે નિરર્થક સાર્થક નહીં તે - જીવનની કલ્પના માત્ર. ભક્તિ પ્રયોજરૂપ કે આત્માર્થ ન હોય તો બધું જ કલ્પિત."

**– શ્રીમદ્ રાજચંદ્ર**

**(પ્રાસંગિક ઉપદેશનોંધ માંથી)**

શ્રીમદ્જીએ આ એક વાક્યમાં ખૂબ જ ગહન વાત કહી છે. ગાગરમાં સાગર જેવા આ મહત્વના એક વાક્ય ઉપર ચિંતન કરીએ તો કલા અને સાહિત્ય સર્જનને એક નવી દિશા મળશે.

પરમ કૃપાળુ શ્રીમદ્જીના કહેવાનું તાત્પર્ય છે કે, કાવ્ય, સાહિત્ય કે સંગીત વિગેરે કલાઓમાં જો આત્મશ્રેયનું ધ્યેય ભળે, તે સર્જનને આત્મકલ્યાણનું કારણ મળે તો તે કલા સાર્થક બને. કલાનું અંતિમ ધ્યેય પરમ સમીપે પહોંચવાના હેતુ રૂપ હોય તો જ કલા સાધના બની શકે અને તે સ્વ-પરને કલ્યાણકારી બની શકે.

સંગીત, કલા કે સાહિત્ય જગતના સાધકો કદાચ આ વાત સંપૂર્ણ રીતે ન પણ સ્વીકારે પરંતુ અનેકાંત દૃષ્ટિએ વિચારતા આ તથ્યનો સ્વીકરા થઈ શકે.

સાંપ્રત સમાજ જીવનનો પ્રવાહ, માનવમનની કલ્પનાશક્તિ અને વિવિધ કલાઓના અનેક પાસાઓને લક્ષમાં લઈને જ આ વિધાનનો યથાર્થ સ્વીકાર થઈ શકે. કલાકારને સર્જન સ્વાતંત્ર્યનો અધિકાર છે સ્વચ્છંદતાનો નહિ. સદ્આચરણમાંથી પરાવર્તિત થયેલી કલામાં સાત્વિકતા આવશે માટે જ ગાંધીજી કહેતા કે 'શીલ એવું સર્જન.'

અહીં એ વાતનું પણ સ્મરણ રાખવું પડશે કે આ વિધાન શ્રીમદ્જી કહે છે અને શ્રીમદ્જીની દરેક વાત કે વિચાર આત્મલક્ષી જ હોય.

કોઈ કલાકાર કે સર્જકને કલાકૃતિના સર્જનનું આપણે કારણ પૂછીએ

તો મહદ્અંશે એ જવાબ દેશે કે હું મારા નિજી આનંદ માટે કલાકૃતિનું સર્જન કરું છું. મારા આત્માના આનંદમાટે રચના કરું છું તો કલાકારની આ નિજાનંદની વાત અને શ્રીમદ્જીની આત્મશ્રેયાર્થેની વાત તદ્દ્ન સમીપ છે.

સંસ્કૃતિને જીવનનું બળ પુરું પાડનારા એનું પોષણ સંવર્ધન કરનારા પરિબળોમાં સાહિત્ય, સંગીત અને કલાનો સમાવેશ થાય છે એક સંસ્કૃત સુભાષિતમાં, કવિતા સાહિત્ય અને સંગીત વિગેરે કલા વિનાના મનુષ્યને પશુ સમાન ગણ્યો છે.

સાહિત્ય સંગીત અને લલિતકલાઓથી માનવજીવન સભર બને છે, મધુર બને છે માટે અહીં જીવનમાં કલાની આવશ્યકતા જ નહીં પરંતુ અનિવાર્યતા સ્વીકારી છે. પરંતુ જીવનની સભરતા અને મધુરતા શું? માત્ર કલ્પનામાં વિહાર કરવાથી જીવનમાં સભરતા અને મધુરતા આવી શકે? સર્જન શક્તિને ખિલાવવા માટે કલ્પનાના વિકાસની એક નિશ્ચિત હદ છે એ સરહદ પાર કર્યા પછીની કલ્પના નિરર્થક છે.

કાવ્ય, સાહિત્ય કે સંગીત વિગેરે કલાઓ માત્ર ભક્તિ પ્રયોજનરૂપ ન હોય તો તે માત્ર કલ્પિત અને નિરર્થક બની રહેશે. જે કલા દ્વારા આત્મગુણોનો વિકાસ થાય તે કલા જ સાર્થક. જે સર્જનમાં નિજસ્વરૂપને પામવાની ઝંખના નથી તે કૃતિ ઈન્દ્રિયોના મનોરંજન કરનારી નિવડે છે જેનું પરિણામ ભોગ-ઉપભોગ અને તૃષ્ણા વધારનારું, રાગ–દ્વેષ અને સંસાર વધારનારું હોય છે. સૂરદાસ, તુલસીદાસ, મીરા, નરસિંહ, કબીર કે અવધુત આનંદઘનજીનું સંગીત કે કાવ્યસાહિત્ય, ભક્તિ પ્રયોજનરૂપ કે આત્માર્થે હોવાથી, ચિરંજીવ બની અમરત્વને પામ્યુ.

જાણે ઉપર ઉપરથી છીછરા પાણીમાં છબછબીયા કરાવતી કલા અને સાહિત્ય કૃતિઓ ક્ષણિક આનંદ આપે અને તેનું આયુષ્ય માત્ર પરપોટા જેટલું હોઈ, કાળના પ્રવાહમાં વિસ્મૃત બની જાય. પરંતુ શ્રીમદ્જી જેવા સર્જકની કૃતિઓ સ્વ-પરની કલ્યાણકારી બની ગઈ, કારણકે તેમાં આત્મતત્વના ઊંડાણમાં ડૂબકી લગાવ્યા પછીની નિજી ભાવ કે ઉત્કટ સંવેદના વ્યક્ત થઈ છે. શુદ્ધ આચરણમાં પરાવર્તિત થયેલી સર્જકતાએ આત્માની અમરતાનું ગાન પ્રગટ કર્યું છે. સાધનાની પગદંડી પર ચાલતા

પરમ તત્વની અનુભૂતિ માટે જે કૃતિઓની રચના સહજભાવે થઈ તે ચિરંતન બની અમર બની ગઈ.

અશ્લીલ કલા કે સાહિત્ય ઈન્દ્રિયોને બહેકાવનારું કે નૈતિક અધઃપતન કરાવનાર છે. ધર્મ કે નીતિશાસ્ત્રોએ આવી કલા કે સાહિત્યનો નિષેધ કર્યો છે, કે જેના દૃષ્ય, શ્રવણ કે વાંચનથી વિકાર અને દ્વેષભાવ વધે, હિંસા, જનુન વેરની વસુલાત, બળાત્કાર, છેતરપીંડી, ચોરી, લુંટ જીવનમાં વિલાસીતતા અને વ્યસનો વધે આવી સાહિત્ય કે કલા કૃતિઓ જીવનના મૂળભૂત સંસ્કારોનું ધોવાણ કરી નાખશે.

જ્યારે સત્વશિલ કલા કે સાહિત્યથી તો જીવન સંસ્કારથી સભર બનશે, નીત્તિમત્તાનું ધોરણ ઊંચુ આવશે અને માનવજીવન ઉર્ધ્વગામી બનશે રાષ્ટ્રભાવના અને કુટુંબ પ્રેમની રચના, કર્તવ્યભિમુખ કરાવનારી છે, તો પ્રકૃતિગાન જીવનનો નિર્દોષ આનંદ છે. જે આત્મશ્રેયના અંતિમ ધ્યેય તરફ લઈ જશે.

સાહિત્યનો ઉદ્દેશ માત્ર ધર્મોપદેશ કે નિતીના પ્રસાર પ્રચારનો જ નથી પરંતુ સાહિત્ય સર્જનનો મૂળ ઉદેશ તો શુભતત્વોના દર્શનનો જ હોવો જોઈએ. માટે જ સદ્સાહિત્યને જીવનનો અમૃતકુંભ કહ્યો છે.

પ્રેમ અને સ્નેહ કવિતાનું પ્રથમ પગથિયું છે, સર્જનને સાત્વિકતાની એ ઊંચાઈએ પહોંચાડવાનું છે, જ્યાં સ્પંદનો પ્રેમની દિવાલોને અતિક્રમી વિતરાગ ભાવનું દર્શન કરે.

સાંપ્રત જીવન શૈલીમાં સંવેદના જ્યાં બુઠ્ઠી થઈ ગઈ હોય, ત્યાં સત્વશિલ સાહિત્ય ઊર્મિતંત્રને રણઝણતું કરી લાગણીને સંસ્પર્શ કરશે જેથી સંવેદનશિલતા જાગૃત થશે.

કવિતા સર્જનની પ્રાર્થમિક દશા કદાચ પ્રેમ અને વિરહની હોય. પ્રિયતમાના અંગલાલિત્યના વર્ણનથી શરૂ થતી કવિની યાત્રા પ્રભુના વિવિધરૂપ અને ગુણના વર્ણનમાંજ પહોંચવાના ધ્યેય યુક્ત હોવી જોઈએ. પ્રાર્થમિક દશાથી શરૂ થયેલી કવિની યાત્રાએ પરમાર્થ દશા સુધી પહોંચવાનું છે.

પ્રભુની પ્રતિમા કે મંદિરના શિલ્પો, ભક્તિસંગીત પ્રેરણા દાયક જીવન ચરિત્રો, દૃષ્ટાંત કથાઓ, આત્મકથાઓ, લેખ કાવ્યો, નિબંધ કે

કલાના વિવિધ સ્વરૂપોના સર્જનનું અંતિમ લક્ષ્ય આત્મશ્રેય હોય તો જ કલ્યાણકારક બની શકે.

સંગીત, સાહિત્ય કે વિવિધ કલાઓના વાહક, સમૂહ માધ્યમોનું કોમ્પ્યુટર સાથે જોડાણ, ઈન્ટરનેટ, વિડિયો, ઓડીઓ, પુસ્તકો, વર્તમાનપત્રો, સામયિક પ્રકાશન જાણે માનવ જીવન પ્રવાહ સામે એક ધસમસતુ પુર કે વાવાજોડું આવ્યું છે. માત્ર આંખ મીચી દેવાથી પુર ઓસરશે નહિ કે વાવાજોડું શાંત થશે નહિ. સસલાવૃતિને બદલે આ આક્રમણનો સામનો કરી પુરના પ્રવાહને યોગ્ય રીતે વાળીશું તો તે વિનાશને બદલે નવરચનાનું નવસર્જનનું કે કલ્યાણનું કાર્ય કરશે.

આ અંગેના કાર્યક્રમોની વિચારણા વખતે શ્રીમદ્જીની 'સાહિત્ય, સંગીત કે કલા આત્માર્થેજ હોય' તે વાત દિવાદાંડી સમાન બની રહેશે કારણકે વિવિધ કલાઓ અને સાહિત્ય જીવનનું એક અંગ છે જીવનને ઘડવામાં જીવનને સુસંસ્કૃત બનાવવામાં તેનું ઘણુ મોટું યોગદાન છે માટે તે ક્ષેત્રની વિશુદ્ધિ માનવજીવનને ઊંચાઈ પર લઈ જશે.

– ગુણવંત બરવાળિયા 'ગુંજન'

**થવા દેશ આબાદ સૌ હોંશ ધારો,**
**ભણાવી ગણાવી વનિતા સુધારો,**
**થતી આર્યભૂમિ વિષે જેહ હાનિ,**
**કરો દૂર તેને હિત માનિ**

**- શ્રીમદ્ રાજચંદ્ર**

પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ ૧૬ વર્ષ અને ૫ માસની ઉંમરે મોક્ષમાળા લખી છે. તે લખતા ૬૭માં પાઠ ઉપર શાહી ઢોળાઈ જતાં તે પાઠ ફરી લખવાનો થયો. ત્યારે તેમણે વિચાર કર્યો કે આધ્યાત્મિકતામાં વધારે ઉપયોગી થાય તેવો પાઠ લખવો. તેના ફળ સ્વરૂપે આપણને આ "અમૂલ્ય તત્વ વિચાર" નામ કાવ્ય પ્રાપ્ત થયું છે.

**બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,**
**તોય અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;**
**સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,**
**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો. (૧)**

અતિ અતિ પુણ્ય ભેગા થઈ અને ઉદયમાં આવવાથી આ મનુષ્યરૂપી શુભ દેહની પ્રાપ્તિ થાય છે. આ મનુષ્ય દેહ એજ મોક્ષનો દરવાજો છે. પણ તે દેહમાં રહી અને કાંઈ આત્મસાધન કર્યું નહીં, તેથી ભવચક્રનો એક પણ ફેરો ઓછો થયો નથી. સુખનો ભોગવટો કરતાં સુખ-પુણ્યનો નાશ થાય છે એનો કાંઈક વિચાર તો કરો ! વિભાવ ભાવમાં ક્ષણે ક્ષણે આત્માનું ભાવ મરણ થઈ રહ્યું છે છતાં એમાંજ કેમ રાચી રહ્યા છો ? (૧)

**લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?**
**શું કુટુંબ કે પરિવારથી વધવા પણું, એ નય ગ્રહો;**
**વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,**
**એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !!! (૨)**

લક્ષ્મી અને અધિકારની પ્રાપ્તિ થવાથી તમને શું મળ્યું અને કુટુંબ કે પરિવાર વધવાથી તમે શું પ્રાપ્ત કરશો ? એ વાતને કેમ ગ્રહણ કરતા નથી. કેમ કે તેનાથી સંસાર પરિભ્રમણ જ વધવાનું છે અને પ્રાપ્ત થયેલ આ મનુષ્ય દેહને હારી જવા જેવું થશે. મનુષ્યદેહથી પસાર થતી એક એક ક્ષણ રત્નચિંતામણી તુલ્ય છે કે જેનો સાચો ઉપયોગ કરવાથી આંતરિક સમૃદ્ધિ પ્રાપ્ત થઈ શકે તેમ છે. છતાં પણ તેનો એક પળ પણ લક્ષ્મી અને આાર કેમ આવતો નથી ? (૨)

**નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,**
**એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;**
**પર વસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,**
**એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાય દુઃખ તે સુખ નહી. (૩)**

નિર્દોષ સુખ અને નિર્દોષ આનંદ એટલે કે નવાકર્મનું બંધન ન થાય અને તેની પ્રાપ્તિ થાય તે સુખ અને આનંદ ગમે ત્યાંથી પ્રાપ્ત કશે કે જેથી દિવ્ય શક્તિવાળો આત્મા સંસારરૂપી સાંકળમાં જકડાયેલો છે તેનાથી મુક્ત થાય. પરંતુ તે આત્મા પરવસ્તુ, પરપદાર્થમાં રાચી રહ્યો છે તેની મને દયા આવે છે. પરવસ્તુનો ત્યાગ કરવા સિદ્ધાંત રહેલો છે જેથી સમજાય છે કે જે વસ્તુનો ભોગવટો કર્યા પછી તેની પાછળ દુઃખ જ રહેલું થે તે સુખ નથી. (૩)

**હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ થે મારું ખરુ ?**
**કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?**
**એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિદ્ધાંત તત્વ અનુભવ્યાં. (૪)**

હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? મારું સાચું સ્વરૂપ શું છે ? આ બધી બાહ્ય વળગણા ક્યાં સંબંધોથી ગ્રહણ કરી રાખી છે ? આ બધી વળગણા રાખવા જેવી છે કે છોડવા જેવી છે ? એનો વિચાર વિવેકપૂર્વક યથા-તથ્યપણે શાંત ભાવથી કરવામાં આવે તો સર્વ આત્મિકજ્ઞાનના સિદ્ધાંત તત્વો અનુભવમાં આવે (૪)

**તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?**
**નિર્દોષ નરનું કથન માની તેહ જેણે અનુભવ્યું ;**
**રે ! આત્મ તરો ! આત્મ તારો ! શીધ્ર એને ઓળખો,**
**સર્વાત્મમાં સમદષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો. (૫)**

આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે કોનું વચન સાચુ માનવું ? જેણે પોતાના આત્માનો સાક્ષાત્કાર કર્યો છે તેવા નિર્દોષ નરનું વચન કેવળ સત્ય માનવું. હે ભવ્ય જીવો ! તમે તમારા આત્મને તારો તારો સંસારી બંધનથી છોડાવી અને ત્વરાથી તેની ઓળખાણ કરી લ્યો. આત્મસાક્ષાત્કાર કરો. આ સ્થિતિ મેળવવા માટે જગતના બધાજ જીવોમાં પોતા સમાન “આત્મદષ્ટિ” કેળવો.આ વચનને તમારા હૃદયમાં કોતરી રાખો. (૫)

**– પ્રા. રસિકભાઈ ટી. શાહ (સાયલા)**

## ગુણવંત બરવાળિયા 'ગુંજન'ના પુસ્તકો

**સર્જન :**

ઉર નિર્ઝરા (કાવ્યો)
તપાધિરાજ વર્ષીતપ (જૈન દર્શન - તપ)

**સંપાદન :**

કલાપી દર્શન (વિવેચન)
હૃદય સંદેશ (શિક્ષણ)
પ્રીત-ગુંજન (પ્રણય કાવ્યોનો પ્રતિનિધિ સંગ્રહ)
શૈલેશી (આલોચના અને ઉપાસના)
વાણીને ઝરૂખેથી (વાગ્મિતા)
દામ્પત્ય વૈભવ (લગ્ન અને દામ્પત્ય જીવન અંગેના લેખોનો સંગ્રહ)

**અનુવાદ :**

શાકાહાર (ડૉ. મધુબહેન જી. બરવાળિયા)


**માનદ્ તંત્રી :**

કાઠિયાવાડી જૈન
(શ્રી કાઠિયાવાડ સ્થા. જૈન સમાજનું મુખ પત્ર)
જાગૃતિ સંદેશ
(જૈન જાગૃતિ સેંટર સેન્ટ્રલ બોર્ડ : મુંબઈનું મુખ પત્ર)
એનલાઈટનમેન્ટ
(ફોરમ ઓફ જૈન ઈન્ટલેકચ્યુઅલ મુંબઈનું મુખ પત્ર)

હે જીવ!

પ્રતિકુળતાની પળ માત્ર તને અકળાવી દે છે. અને આકુળ વ્યાકુળ કરી દે છે, તો પછી ક્રમબદ્ધનો બોધ સમજાયો છે એમ કેમ માને છે ? દેહ પ્રત્યેની અહં-બુદ્ધિનું નામ જ મિથ્યાત્વ છે. અને તારી તો અહં સાથે મમત્વ બુદ્ધિ પણ કેટલી તીવ્ર છે ? આ દેહ અને દેહના નિમિત્તે થયેલા સ્વજનો પ્રત્યે કેટલો રાગ છે ! વીતરાગનાં મારગની વાતો જીભને ટોડલે ભલે ટીંગાડી હોય પણ અંતરમાં જગત પ્રત્યે ઉપેક્ષા આવ્યા વિના એ બધું માત્ર ક્રિયા અથવા સુકુ જ્ઞાન કહેવાય છે. જાગૃત થા, ઉત્તમ શીલને સેવતો થા. અને વચનામૃતનાં વચનોનો વિચાર કર. સંયોગો અને સંયોગી ભાવો ઉપરથી લક્ષ હટાવી દે. એક જ સંયોગનાં દૂર થવાની કલ્પના માત્રથી તને આટલી આકુળતા થાય છે, તો બધા સંયોગો અને સ્વજનો એક સાથે વિયોગને પામશે તે દિવસે શું થશે? એનો વિચાર કર. સંસાર માત્ર અશાતાનું કારણ છે. મુક્ત બની જા. આ સર્વ સંબંધોથી વિરામ પામ. અને આત્મારાધનાને આરાધવા લાગ. સત્ તારી રાહ જુએ છે. દેહનાં રખોપા કરવાને બદલે શુદ્ધ ચિદાનંદ ધ્રુવ તત્વની સંભાળ લે. જાગૃત થા. પાંચ પાપો અને મહાપાપ એવી માન્યતાથી આઘા હાલીને આત્મારામને શરણે જા. બાહ્યમાં દેવ-ગુરુ-શાસ્ત્ર, જીવનમાં પવિત્રતા અને શુદ્ધતા તથા ત્રિકાળીમાં અહંબુદ્ધિ, અહોભાવ અને એકત્વ પ્રગટાવ. અનંત સુખ તારી રાહ જુએ છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ



જળહળ જ્યોતિ સ્વરૂપતું, કેવળ કૃપા નિધાન